આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૩ • અંક : ૦૭
સળંગ અંક : ૯૯૫
ઓક્ટોબર-૨૦૨૩



## શ્રી જશીબહેન નાયક

૧૮ નવેમ્બર ૧૯૧૮ - ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૩

# ❊ પ્રાર્થના સભા ❊
















email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૩

સળંગ અંક : ૯૯૫ ઓક્ટોબર-૨૦૨૩



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>રાજુભા ઝાલા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા |
| ડિઝાઈન : | મનીષ પટેલ |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


| લવાજમ | ભારત | પરદેશ |
|---|---|---|
| વાર્ષિક | ₹ ૨૦૦ | ₹ ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ ૫૦૦ | ₹ ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ ૮૫૦ | ₹ ૮૫૦૦ |

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે/૫ |
| ૨. | નિત્ય-નૂતન ગાંધીજી ! | હરેશ ધોળકીયા/૬ |
| ૩. | ગુરુના સુયોગ્ય શિષ્ય | ઈશ્વર પરમાર/૧૦ |
| ૪. | ક્રાંતિ અને શાંતિનો સંગમ | વિનોબા ભાવે/૧૯ |
| ૫. | ગાંધીજીનું સ્ત્રી હૃદય | કાકા કાલેલકર/૨૦ |
| ૬. | સત્યેશ્વર - મહાત્મા ગાંધી - ગુણદર્શન | વસંત દવે/૨૧ |
| ૭. | આનંદરૂપ | રવીન્દ્રનાથ ટાગોર/૨૪ |
| ૮. | સરદારનાં સંભારણાં | રવિશંકર મહારાજ/૨૬ |
| ૯. | બે દેવદૂત | પ્રભુદાસ છ. ગાંધી/૨૮ |
| ૧૦. | બોલવાની જરૂર ન પડી | ગુલામ રસૂલ કુરેશી/૩૦ |
| ૧૧. | આ અધિક માસ - શા માટે, શી રીતે | શ્રી સી.એમ. નાગરાણી/૩૨ |
| ૧૨. | આપણી ભાષા એજ આપણું ભવિષ્ય | મૃણાલ ઓઝા/૩૫ |
| ૧૩. | સિક્કાની ત્રીજી બાજુ | કમલેશભાઈ પટેલ/૩૭ |
| ૧૪. | વિદ્યાર્થી આલમ - ગુરુઃ જ્ઞાનદાતા | શેખ શાહિસ્તાબાનું મો. ફારૂક ઈનામુલ્લાહ/૩૯ |
| ૧૫. | શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા/૪૦ |
| ૧૬. | માતા પિતાઓને નમ્ર વિનંતી | રતન ટાટા/૪૨ |



કાર્યાલય

**"ઘરશાળા" શૈક્ષણિક માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ**

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ • ૨૨૯૨૫૫૭૦


**આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.**



*My Mother kept a garden.*
*A garden of the heart;*
*She planted all the good things,*
*That gave my life it's start.*

*She turned me to the sunshine,*
*And encouraged me to dream:*
*Fostering and nurturing*
*The seeds of self-esteem.*


*And when the winds and rains came,*
*She protected me enough;*
*But not too much, she knew I'd need*
*To stand up strong and tough.*

*Her constant good example,*
*Always taught me right from wrong;*
*Markers for my pathway*
*To last my whole life long.*

*I am my Mother's garden,*
*1 am her legacy.*
*And I hope today she feels the love,*
*Reflected back from me*


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સંપાદકીય



જ્યોતીન્દ્રભાઈ દવે



## અલવિદા જશીબેન...

"ઘરશાળા" માસિકના તંત્રી, સરસ્વતી વિદ્યામંડળના પ્રમુખ, અમદાવાદના પૂર્વ વિસ્તારની ત્રણ પેઢીના શિક્ષક, બા, દાદી અને પથદર્શક મુ.શ્રી જશીબેન આપણી વચ્ચે રહ્યા નથી.

૧૦૫ વર્ષની ઉંમરે લિવરપૂલ ખાતે તારીખ ૭-૯-૨૦૨૩ ના રોજ અંતિમ શ્વાસ લઈ લાંબી યાત્રાએ નીકળી ચૂક્યા છે. સમગ્ર સરસ્વતી પરિવાર મોભી વિનાનો નિરાધાર થયો છે. સરસ્વતી પરિસરનાં વૃક્ષો, ફૂલછોડ, પક્ષીઓ અને સમગ્ર પ્રકૃતિ ઝાંખી પડી છે.

ક્યાંથી શરૂ કરવું તે સમજાતું નથી. ભાવનગર હરભાઈના જ્યેષ્ઠ દીકરી, દક્ષિણામૂર્તિ ઘરશાળાના વિદ્યાર્થિની - શિક્ષક, મુ. શ્રી. રઘુભાઈના જીવનસંગીની, પ્રશાંતભાઈ - ઈરાબેનના બા અને શિક્ષણ જ જેમનો આપદધર્મ છે, તેવા મૂર્ધન્ય કેળવણીકાર જશીબેન નાયકની શિક્ષણયાત્રા ગૌરવશાળી છે.

આજે વિદાયવેળાએ શું યાદ કરવું ? એક લાંબુ ચિત્રપટ નજર સમક્ષ આવે છે. અમારી યાદ ગઈ સદીના ૫૦ ના દાયકાથી શરૂ થાય છે. ૧૯૪૪ માં માણુભાઈ મિલના ગોડાઉનમાં શરૂ થયેલી શાળામાં બારીઓ - બ્લેકબૉર્ડ, રંગ્યા, ભીંતચિત્રો દોર્યા, ગોડાઉનને આશ્રમમાં પરિવર્તિત કર્યો. સંગીતના સૂરો મોડે સુધી શાળાના પરિસરમાં ગુંજતા કર્યા. નાટકોની રંગમાધુકરી કરી. રાત્રીશાળામાં બાળકોને હૂંફ આપી. અને અમારા જેવા મોડે સુધી શાળામાં અનેક પ્રવૃત્તિ કરતા વિદ્યાર્થીઓના અન્નપૂર્ણા પણ બન્યા.

એક કુશળ લેખક, સરસ્વતી વિદ્યામંડળની પ્રકાશન પ્રવૃત્તિના પ્રણેતા હતા. તેમની લેખનશૈલી સાદી સરળ અને ભાવવાહી હતી. "ઘરશાળા" માસિકના વાચકો તેમના લખાણોથી સુપેરે પરિચિત છે. છ (૬) થી વધુ પુસ્તકોના લેખક, "સ્મરણયાત્રા" જે સંસ્થાની આત્મકથા છે. જશીબેન તેના લેખક અને એવોર્ડ વિજેતા.

સરસ્વતીના સંગીતના તેઓ મશાલચી. વર્ષામંગલ, વસંત ઉત્સવ, શરદોત્સવના ગીતોના રચયિતા, નૃત્ય નાટિકાના દિગ્દર્શક અને શિક્ષણ સભાના પ્રેરણાસ્રોત. સ્વભાવે સરળ, પ્રેમાળ, નખશીખ માતૃત્વ અને શિક્ષકનો સમન્વય. માણસને પારખવાની અદ્‌ભુત શક્તિ. સરસ્વતીના વિશાળ પરિવારના સભ્યો સાથે અંગત સંબંધો, જાજરમાન વ્યક્તિત્વ.

આવા પ્રભાવશાળી મુ.શ્રી. જશીબેનને અમે નતમસ્તકે વંદન કરીએ છીએ.

આવજો... બા.... સરસ્વતીને આંગણે...

# નિત્ય-નૂતન ગાંધીજી !

- હરેશ ધોળકીયા

મહાત્મા ગાંધીની દોઢસોમી જન્મ જયંતી એક વર્ષ ચાલી. (૨૦૧૮-૧૯) આ વર્ષે પુનઃ તેમનું મૂલ્યાંકન થતું રહ્યું અને તે જરુરી છે. જેઓ પણ વિચારક હોય છે, તેમનું તો સમયાંતરે સતત મૂલ્યાંકન થતું જ રહેવું જોઈએ. તેમના વિચારો પ્રાસંગિક છે કે કાલાતીત છે તે તપાસતા રહેવું જોઈએ. જો પ્રાસંગિક હોય, તો સમય જતાં તે જૂના થઈ જાય છે અને વાંચીને ભૂલી જવાના હોય છે. પણ જો કાલાતીત હોય, તો પછી તેને ચકાસતા રહેવા જોઈએ. તે હરેક સમયે અને યુગે ઉપયોગી થતા રહે છે.

આ સંદર્ભમાં ગાંધીજીના વિચારો કયાં ? પ્રાસંગિક કે સમયાતીત ?

ઉપરછલ્લી રીતે આ વિચારો વાંચીએ તો, સંભવ છે, આજે જૂના લાગે. રેંટિયો, ગ્રામ સ્વરાજ, અસ્પૃશ્યતા નિવારણ વગેરે આજે "આઉટ-ઓફ-ડેટ" લાગે. આજે તો ભારત અને વિશ્વ પણ બહુ જ આગળ વધી ગયું છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિએ વિશ્વને એક નવા જ સંદર્ભમાં જોવાની ફરજ પાડી છે. આ સંદર્ભમાં ગાંધીના વિચારો આજે ચાલે ? આ મુદો તપાસવા જેવો છે.

જો ગાંધીજીના વિચારોનું ઊંડું અધ્યયન કરવામાં આવે, તો ખ્યાલ આવશે કે ગાંધીજીના વિચારો માત્ર પ્રાસંગિક જ ન હતા, તે આજે પણ એટલા જ ઉપયોગીતા ધરાવે છે. આ વિચારો, અલબત, એક વિશિષ્ટ સંદર્ભમાં અને સમયમાં જન્મ્યા હતા, પણ તે સમય પૂરો થઈ જવા છતાં પણ આજે પણ તે એટલા જ પ્રસ્તુત છે.

એનું શું કારણ ?

એનું કારણ એટલું જ છે કે ગાંધીજી સત્યપ્રેમી હતા. તે સમગ્ર જીવન સત્યમય રીતે જીવ્યા હતા. અને જયારે સત્યની સાધના કરવામાં આવે છે, તેના આધારે ચિંતન કરવામાં આવે છે, ત્યારે આ ચિંતન પણ સમયાતીત બને છે, કારણ કે સત્ય પોતે જ સમયાતીત છે. કાલાતીત છે. સનાતન હોય છે. એટલે સત્ય આધારિત, સત્ય પ્રેરિત, વિચારો પણ કાલાતીત હોય છે. સનાતન હોય છે. આ સંદર્ભમાં ગાંધીજીના વિચારો આજે પણ પ્રસ્તુત છે. હા, આજની ભાષા અલગ છે. એટલે ગાંધીજીના વિચારોને નવી ભાષાના સંદર્ભમાં જાણવા પડશે. પણ વિચારોનું તથ્ય તો એ જ રહેવાનું.

આ જ સંદર્ભમાં એક બીજું પણ વિધાન કરી શકાય કે ગાંધીજી આધુનિક પણ છે. આધુનિક એટલે વર્તમાનમાં તેમના વિચારો પ્રસ્તુત હોય. જો ચિંતન સનાતન હોય, તો આપોઆપ આધુનિક હોવાનું જ. અને, સદભાગ્યે, આજે ચિંતન કરનારા અને વ્યાવહારિક ક્ષેત્રોમાં કામ કરનારા પણ આ વાતને કબુલ કરે છે

આ મુદાને વિસ્તૃત સમજવાની જરુર રહે છે.

પહેલાં આ સંદર્ભમાં એક અભિપ્રાય જાણીએ. થોડા સમય પહેલાં એક સરસ પુસ્તક પ્રકાશિત થયેલ. તેનું નામ છે "Alternative Futures : India Unshakled" તેના લેખકો આશિષ કોઠારી અને કે.જે. જોય તેની પ્રસ્તાવનામાં કહે છે કે, "જયારે ભારતીય સ્વાતંત્ર્ય ઈતિહાસનો અભ્યાસ કરીએ છીએ, ત્યારે લાગે છે કે આ ચળવળ ભવિષ્યવાદી હતી. અને, ખાસ તો, ગાંધી ભવિષ્યવાદી હતા. તે કોઈ ટેકનોલોજી વિરોધી ન હતા. તેમના આશ્રમો આત્યંતિક ભવિષ્યવાદી હતા. તેમાં જે નૈતિક પ્રયોગો થતા હતા, તે ચોકકસ ભવિષ્યવાદી અને વૈજ્ઞાનિક હતા. જયારે તે સમયનું જગત આરામથી ઊંઘ કરતું હતું ત્યારે તેમના

આશ્રમના લોકો એક શિસ્તબધ્ધ ચિત ધરાવનારા અને ભવિષ્યના વિશ્વનું ચિંતન કરનારા હતા. "આમ, વર્તમાન વિચારકો પણ કબૂલ કરે છે કે ત્યારે પણ ગાંધીજી ભવિષ્યનું ચિંતન અને પ્રયોગો પણ કરતા હતા.

પણ એક વિચારક તરીકે આ બાબતને યથાતથા સ્વીકારી ન લેવાય. આ મુદ્દાને પણ ઊંડાણથી સમજવાની જરુર છે. ગાંધીજીના વિચારોને જ આ સંદર્ભમાં એટલે કે આધુનિક સમસ્યાઓના ઉકેલના સંદર્ભમાં ચકાસવાની જરૂર છે.

કઈ છે આધુનિક ભારતની અને જગતની સમસ્યાઓ ? સમસ્યાઓ તો અનેક છે, પણ મહત્વની સમસ્યાઓમાં... ધર્મ ઝનૂન વધતું જાય છે, વૈશ્વિકરણની સમાંતરે સંકુચિતતા વધે છે, અર્થકારણ ડગમગે છે, બજારવાદ વધતો જાય છે, હાંસીયા પર રહેલ માનવીની અવગણના થાય છે, વૈશ્વિક હિંસા વધી રહી છે, વગેરે. આ બધાના ગાંધી પાસે કોઈ જવાબ છે - આ તપાસવાની જરુર છે, એક પછી એક મુદ્દા જોઇએ.

સૌથી પહેલાં સૌથી મોટી સમસ્યા હિંસાના પ્રભાવની છે. યુગોથી જગત પર, ખબર નહીં, હિંસાનો ભારે પ્રભાવ છે. જગતના લોકો જેમને મહાન લોકો કે પયગંબર કહી પૂજે છે, એ બધા અહિંસાના પૂજારી હતા. તેમણે અહિંસાનો જ પ્રચાર કર્યો છે. છતાં લોકો તો હિંસાને જ મહત્વ આપતા રહ્યા છે. આજે પણ સરકારો લશ્કર પર ભરોસો મૂકે છે. લોકો પણ હિંસાથી જ ઝડપથી કામ થઈ શકે છે તેમ માને છે. એટલે જ આજે પણ જગતમાં શસ્ત્ર-અસ્ત્ર પર વધારે ભરોસો મૂકવામાં આવે છે. નાની બાબતોમાં પણ હિંસાથી જ ઉકેલ શોધવાના પ્રયાસો થાય છે. પણ તેનાથી જગતમાં અશાંતિ વધતી રહી છે તે બધા ભૂલે છે.

એટલે જ ગાંધીજીનું ચિંતન કામે આવે છે. તેમના સમયમાં પણ મોટાભાગના લોકો હિંસાને જ મહત્વ આપતા હતા. તેના પર જ ભરોસો મૂકતા હતા. ગાંધીજીને અહિંસક લડત કરવામાં ખૂબ તકલીફો પડતી હતી. છતાં તેમણે સમગ્ર જીવન અહિંસાને જ માન આપેલ અને તેના માધ્યમથી જ લડતો ચલાવેલ.

શા માટે ગાંધીજી અહિંસાને મહત્વ આપે છે ?

ગાંધીજી તેનો જવાબ આપતાં કહે છે, "રાષ્ટ્રવ્યાપી પાયા પર અહિંસાને સ્વીકાર્યા વિના બંધારણીય અથવા લોકસત્તાવાદી રાજયતંત્ર અશક્યવત છે.... આંતરરાષ્ટ્રીય સંઘ પણ ત્યારે જ થશે જયારે તેમાં જોડાનારી નાની મોટી દરેક પ્રજા સ્વતંત્ર હશે. એમના સ્વાતંત્ર્યનું સ્વરુપ જેટલા પ્રમાણમાં તેમણે અહિંસા પચાવી હશે તેને અનુસરીને હશે."

આ સાચું નથી ? જગતભરના વિચારકોએ આ જ નથી કહ્યું ? ખુદ યુનાઇટેડ નેશન્સની સ્થાપના પણ આ વિચાર પર જ નથી થઈ ? બન્ને વિશ્વયુધ્ધ પછી બધાએ આ જ નથી સ્વીકાર્યું ? આજે પણ જયાં જયાં સંઘર્ષ થાય છે, ત્યાં તેના સામે અહિંસક ચળવળો નથી થતી ? યુરોપ, ચીન, અમેરિકા સર્વત્ર આ નથી જોવા મળતું ? વિરાટ સૈન્ય સાથે ચીનમાં નિઃશસ્ત્ર યુવાનો ઊભા નહોતા રહ્યા ? અને ચીને જે બળપ્રયોગ કર્યો તેના સામે વિશ્વનો વિરોધ નહોતો થયો ? એમ કેમ બન્યું ? આજે પણ જયાં વ્યાપક ચળવળો થાય છે તે બધી અહિંસક જ નથી હોતી ? તેનો હિંસક પ્રત્યાઘાત જગતમાં વિરોધ નથી જન્માવતો ? કેમ ? કારણ કે બધા માને જ છે કે હિંસા ઉકેલ નથી આપતી. માત્ર સમસ્યાને વધારે છે. તો પછી ગાંધીનો જવાબ કહો કે ઉપાય કહો - સાચો નથી ? અને આ સત્ય નિકાલાતીત નથી ? ભવિષ્યમાં પણ એ જ સાચું નથી ઠરવાનું ? એટલે, ગાંધીજીના અહિંસા બાબતના વિચાર આજે પણ પ્રસ્તુત છે અને ભવિષ્યમાં પણ વધારે પ્રસ્તુત રહેવાના છે. સ્થિર વિકાસ કેવળ અહિંસાથી જ શકય બને છે અને બનશે. માનવજાત ભલે આજે પણ અજ્ઞાનવશ હિંસાનો ઉપયોગ કરે છે, પણ હવે સમજે છે

કે તે ઉપાય નથી. આ તો તેની સમજશકિત અને ઈચ્છાશકિત નબળાં છે તેથી વારંવાર ભૂલો કરે છે.

બીજો મુદ્દો છે ધર્મ ઝનૂન અને સંકુચિતતા. સમગ્ર વિશ્વ તેનાથી હેરાન છે. વારંવાર તેને વશ થઈ જાય છે. પણ સવાલ એ થાય કે આ ધર્મ ઝનૂન કેમ થાય છે ? ધર્મબાબતે સંકુચિતતા કેમ ઊભી થાય છે ? ગાંધીજી તેનો જવાબ આપતાં કહે છે કે,

"કૂવામાંનો દેડકો એમ માને છે કે તેની આસપાસની દિવાલ આગળ જ વિશ્વનો અંત આવી જાય છે." એટલે કે આ સંકુચિતો એમ માને છે કે માત્ર પોતે જ સાચા છે. તેઓ કૂવામાંના દેડકા જેવા છે. પણ આ ખોટું છે. એનો ઉપાય થવો જોઈએ.

શું છે ઉપાય ? ગાંધીજી કહે છે, "આપણે એમ ન માનવું જોઈએ કે કેવળ આપણો ધર્મ જ સંપૂર્ણ સત્ય રજૂ કરે છે અને બાકીના ધર્મો ખોટા છે." એ કયારે શકય બને ? તેનો જવાબ આપતાં કહે, "દુનિયાના બીજા બધા ધર્મોનો આદરપૂર્વક અભ્યાસ કરશું તો માલૂમ પડશે કે અનિવાર્યપણે અપૂર્ણ હોવા છતાં બધા જ ધર્મો આપણા પોતાના ધર્મ જેવા જ સાચા છે." અહીં ગાંધી બે વાત સૂચવે છે. એક, બધા ધર્મો અપૂર્ણ છે. એટલે અપૂર્ણ બાબતે ઝગડા ન થાય. અપૂર્ણ બાબતે હઠ પણ ન હોય. ઝનૂન પણ ન હોય. અને બે, બધા ધર્મો પોતપોતાની રીતે, પોતાની જગ્યાએ, સાચા છે. આ ખબર ત્યારે પડે જયારે તેમનો અભ્યાસ થાય. અને અભ્યાસ કરાય ત્યારે પાયામાં આદર હોય. પૂર્વગ્રહથી અભ્યાસ ન થાય. તટસ્થતાથી અભ્યાસ થાય તો આ સત્યનો ખ્યાલ આવશે. એટલે, આ સમસ્યાનો ઉપાય છે બાળપણથી બાળકોને બધા ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરાવવો જોઈએ. બધા ધર્મોનું પાયાનું સત્ય સમજાવવું જોઈએ. તો, ગાંધી કહે છે તેમ, "બધા ધર્મોમાં આપણે જે વિવિધતા જોઈએ છીએ તે વિવિધતામાં એક પાયાની એકતા રહેલી છે. એ છે સત્ય અને નિરુપદ્રવિતા." આનો જો સ્વીકાર થાય, વ્યાપક રીતે, તો આ સમસ્યા તદ્દન હળવી બને છે. પણ મુદ્દો એ છે કે અહીં પણ ગાંધીજીનો જવાબ સનાતન છે. તટસ્થ અભ્યાસ અને આદર – આ જ જવાબ છે. એ સાચો નથી ?

ત્રીજો મુદ્દો છે આર્થિક અસ્વસ્થતા. બજારનો પ્રભાવ. તેનો માનવ જીવન અને પર્યાવરણ પર પ્રભાવ. આજે જે ગ્લોબલ વોર્મીંગ થઈ રહેલ છે અને અર્થકારણો ડામાડોળ થઈ ગયા છે તે. તેનું કારણ પણ ગાંધીજી સ્પષ્ટ જણાવે છે. તે કહે છે, "અતિ સર્વત્ર વર્જયેત – આ સિદ્ધાંત આપણે લાગુ પાડવો જોઈએ. મધ્યમમાર્ગ એ જ સાચો માર્ગ છે. સ્વાવલંબન અને પરમાર્થની પૂર્તિને સારું આવશ્યક છે. એથી આગળ જાય તો તે દોષરૂપ બને છે." આગળ કહે છે, "ગજાં ઉપરાંત કંઈ માથે લેવું નહીં અને ગજાંની હેઠળ રહેવાનો લોભ કદી કરવો નહીં. જે ગજાં ઉપરવટ કરવા જાય છે એ અભિમાની છે. આસકત છે, જે ગજાં હેઠળ કરે છે તે ચોરી કરે છે."

ગાંધી કહે છે કે માણસને જરુરી છે તે બધું જ કુદરતે આપેલ છે. પણ તકલીફ એ છે કે માણસને લોભ નડે છે. જરુરિયાત અને લોભ વચ્ચે લડાઈ છે. જે સમસ્યાઓ ઊભી થાય છે તે જરુરતના કારણે નથી થતી. લોભના કારણે થાય છે. આજે જે આર્થિક અસ્વસ્થતા છે તે આ લોભના કારણે છે. બજાર ડામાડોળ છે તે પણ એ જ કારણે છે. પર્યાવરણના પ્રશ્નો છે તે પણ અતિ લોભવાદના કારણે છે. આજે જાહેરાતો વગેરેના માધ્યમથી લોકોના લોભને ભડકાવવામાં આવે છે અને તેના ભોગને ઉશ્કેરવામાં આવે છે. તેથી લોકો અસ્વસ્થ રહે છે અને અર્થકારણ પણ અસ્વસ્થ રહે છે.

તેનો જવાબ આપે છે ગાંધી કે, "માણસનું સુખ સંતોષમાં છે. ગમે તેટલું મળવા છતાં જેને અસંતોષ રહે છે તે માણસ પોતાની વૃતિનો ગુલામ બને છે." ગાંધીજી માણસને પડકારતાં કહે છે, "જયાં સુધી સમજીને આપણે સાદું જીવન નહીં અપનાવીએ ત્યાં સુધી આપણે


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

પશુ કરતાં પણ નીચલી કોટીએ ઊતર્યા વિના રહેવાના નથી.'' અને, ''જિંદગીની હાજતો વધારતો માણસ આચાર વિચારમાં પાછો પડતો જોવા મળે છે.''

એટલે, ગાંધી કહે છે કે, આર્થિક સ્વસ્થતાનો પાયો સંતોષ અને સાદાઈ છે. આ બાબત આજના સંદર્ભમાં કદાચ સ્વીકારવી અઘરી છે, પણ તેથી સત્ય ખોટું નથી ઠરતું. આજે જે પર્યાવરણની સમસ્યાઓ છે તે પણ આ લોભવાદમાંથી જ ઉત્પન્ન થયેલ છે. ભોગનો અતિરેક જ સમસ્યાઓની જડ છે. આજ નહીં તો કાલ, આ બાબતનો સ્વીકાર કરવો જ પડશે. આજે પણ વિચારકો તો આ જ વાત કહે છે. ''નાનું એટલું રૂડું'' એ જ વિચારકોનો સંદેશ છે. આજે હવે માત્ર ''આર્થિક માપદંડ'' ને જ ન સ્વીકારતાં ''આનંદના માપદંડ'' નો પણ વિચાર કરવાની શરુઆત થઈ છે તે આ વિચારના જ આધારે. આ આનંદનો માપદંડ કેવળને કેવળ સંતોષ અને સાદાઈ પર જ આધારિત છે. ગાંધીના વિચાર નવી ભાષામાં આવી રહ્યા છે.

આજે આ બાબતો પણ ભયંકર રીતે બની રહી છે : એક છે રાજ્યની પકડ વધતી જાય છે અને બીજું સામાન્ય માણસ હાંસીયામાં ફેંકાતો જાય છે. માણસની સ્વતંત્રતા હણાતી જાય છે. આનું કારણ શું અને ઉપાય શું ? ગાંધીજી તેનો જવાબ આપતા કહે છે, ''ઉપરથી ઠોકી બેસાડવામાં આવતો કોઈપણ પ્રકારનો અંકુશ હંમેશા બૂરો હોય છે. અંકુશો પૂરેપૂરા ઉઠી જશે પછી જ લોકોને આઝાદીનો અનુભવ થશે.'' અને આના ઉપાય તરીકે તેમણે એક અદભુત શબ્દ આપ્યો છે : ''સત્યાગ્રહ''. રાજ્યની પકડ ઘટાડવા માટે રાજ્ય સામે સત્યાગ્રહ કરવો પડશે. હાંસીયામાં ધકેલાઈ ગયાનો અનુભવ થતો હોય તો પણ સમાનતા મેળવવા સત્યાગ્રહ કરવો પડશે અને સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત કરવા માટે પણ સત્યાગ્રહનો આશરો લેવો પડશે. મનુષ્ય મહત્વનો છે એ સાબિત કરવા આ સત્યનો - સત્યાગ્રહનો - આશ્રય લેવો પડે.

અને સ્વતંત્રતાનો ઉપાય છે સ્વરાજ અને સ્વાશ્રય. સ્વરાજ એટલે ''દેશના અલ્પમાં અલ્પ બંધુ માટે સ્વતંત્રતા.'' સાથે ''સ્વરાજ એટલે બીજા પર નહીં, પણ પોતા પર રાજ્ય કરવું. પોતા પર અંકુશ રાખવો.'' તેનો પણ ઉપાય છે સ્વાશ્રય. એટલે કે ''કોઈની પણ મદદ લીધા વગર ટટાર ઊભા રહેવાની શકિત, એટલે કે ઈચ્છવા છતાં માગ્યા વિના મદદ ન મળે તો પણ મનુષ્ય સ્વસ્થ રહી શકે, સ્વમાન જાળવી શકે.''

એટલે ઊંડાણથી વિચારીએ તો ખ્યાલ આવશે કે વિશ્વમાં જે પણ સમસ્યાઓ છે, તેના પાયામાં છે મનુષ્યની ગુલામી - પોતાની વૃતિઓ પર કાબૂ ન હોવો. એકવાર જો વૃતિઓ બેકાબૂ થઈ જાય, તો પછી માણસ તેના સામે લાચાર થઈ જાય છે અને તેને વશ થઈ જાય છે. આ ગુલામી જ તેને સંયમી, સાદાઈ, સ્વમાન કેળવવામાં નડતરરુપ બને છે અને પરિણામે તે સ્વતંત્રતા ગુમાવી બેસે છે. આ લાચારી જ તેને હિંસક બનાવે છે. સંકુચિત બનાવે છે. આ બધું શરુ થાય છે તો વ્યકિતગત ક્ષેત્રે, પણ જયારે આ બાબત સામુહિક બને છે, ત્યારે તે હિંસા, સંકુચિતતા, લોભ વગેરે રીતે અભિવ્યકત થાય છે. આત્મિક ગુલામી જ છેવટે સામુહિક ગુલામીમાં પરિવર્તિત થાય છે. આ ગુલામી જ યુધ્ધ તરફ દોરે છે. હિંસા તરફ દોરે છે. અનેક સમસ્યાઓ જન્માવે છે.

એટલે, ગાંધીજી કહે છે સમસ્યા સામુહિક નથી, વ્યકિતગત છે. તેથી સમસ્યાનો ઉકેલ સામુહિક સ્તરે નથી કરવાનો. વ્યકિતગત ક્ષેત્ર કરવાની શરુઆત કરવાની છે. અને તેની શરુઆત થાય છે સત્યને સ્વીકારવાની. સત્ય છે ગુલામી. ઉપાય છે જાગૃતિ. એટલે કે જયાં જયાં ગુલામી દેખાય, ત્યાં ત્યાં તેને હટાવવાની છે. જેમ જેમ તે હટતી જશે, તેમ તેમ સ્વતંત્રતાનો અનુભવ થતો જશે. વ્યકિતગત સ્વતંત્રતાથી શરુઆત થાય અને અંતે રાજ્યથી પણ

(અનુસંધાન પૃષ્ઠ ૨૦ ઉપર)

# ગુરુના સુયોગ્ય શિષ્ય

- ઈશ્વર પરમાર
૧૧, મોરપીંછ, સિદ્ધનાથ સામે,
દ્વારકા-૩૬૧૩૩૫

શ્રી પ્રભુ ! આપો દીર્ઘ આયુ
શ્રીમંત સયાજીરાવ મહારાજને,
શાંતિદાતા એ નૃપનું સુરાજ્ય
જગતમાં અચલ રહો -
ને કીર્તિવંત વિશ્વમાં થજો !

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના ખેરાલુ ગામની પ્રાથમિક શાળામાં ગવાતું આ રાજગીત એક કિશોર આંખો મીંચીને કેવા તીણા ઘાંટા સાથે ગાતો હતો ! અને હવે તે ગાતો થયો હતો તારુણ્ય-સહજ ઘેરા-ઘોઘરા સૂરે આ પ્રાર્થના :

સભી દિશાઓં સે શુભ સુંદર
ભાવવિચાર ભરે નિજ અંતર
પુણ્યધારા બન જાય સ્વર્ગ યહ
મેરે યત્નોં સે કરુણાકર !

પ્રાર્થનાસ્થળ અમદાવાદ, સરસપુર વિસ્તારમાં આવેલું સરસ્વતી વિદ્યાલય. મકાન કે સાધનોની સુવિધાના અભાવ છતાં ઉમંગભેર ઊછરતી એ હાઈસ્કૂલમાં ખેરાલુથી ધોતી-ટોપી પહેરીને આવેલો તરુણ દાખલ થયો. વિદ્યાર્થીઓએ તેનો વિચિત્ર વેશ જોઈને મજાક ઉડાવી. ભવિષ્યમાં એ તરુણ એ જ શાળાનો શિક્ષક, નિરીક્ષક, આચાર્ય અને માતૃસંસ્થા સરસ્વતી વિદ્યામંડળના મંત્રીપદે પહોંચીને ગુજરાતના શિક્ષણજગતમાં સલામીને પાત્ર થયો ! 'સરસ્વતી'ને સમર્પિત એ સોહામણા અને સુગંધિત ફૂલનું નામ છે વિઠ્ઠલભાઈ ઓઝા. માતા નાથીબહેન. પિતા મંગળદાસ. જન્મ ૨૬મી જાન્યુઆરી, ૧૯૩૧,

ખેતી કરતાં લગભગ અભણ માવતરની જાડી સમજ પોતાના આ પુત્ર માટે એવી કે "થૈથૈને હુશિયાર ખેડુ થાય તોય જગ જીત્યા મારા ભૈ! કાગર - પતર લખ ન વાંસ એટલું ભણતર કંઈ ઓસું ન કે'વાય !" હોંશીલાં માવતરે પુત્ર વિઠ્ઠલની નાનપણમાં 'હગૈ' કરી દીધી. ધોંસરું પડ્યે છોરું વે'લું ડાહ્યું થાય !

ખરેખર, ડાહ્યો વિઠ્ઠલ હજી ચૌદ વરસનો માંડ થયો હતો ત્યારથી ખેતીકામમાં સાથ દેતો સવારે પાંચ વાગ્યા પહેલાં જાગીને ત્રણેક કિલોમીટર દૂરના ખેતરેથી દૂધ લાવે, લગવું બાંધેલ પચીસેક ઘરે દૂધ પહોંચાડે. પંદરેક વરસની વય હતી. ત્યારે સવારે મામા લક્ષ્મીચંદની દુકાને બેસીને આવતા ઘરાકને સાચવે. બપોરે શાળાએ જઈ એવું ચીવટથી ભણે કે એ હંમેશાં પહેલા નંબરે જ પાસ થાય ને અંગ્રેજી વિષયમાં તો એ 'ઈંગ્રેજ' ગણાય !

દુકાનમાં બેઠેબેઠે પોતાની જ્ઞાતિનું સામયિક 'પ્રજાપતિ' વાંચતા પંદર વરસના વાચક વિઠ્ઠલે સંકલ્પપૂર્વક મરણ પછીનું જમણ છોડ્યું. સોળમા વરસે વરરાજા થયેલ વિઠ્ઠલની વાત કરતાં મામા કહેતા : "ભાણો તો ગજજબનો, ભૈ ! લગન વખતે હોનાનો હાર પણ ન પેર્યો કે ન માથે સાફો બાંધ્યો ! માથે ટોપી પે'રીને ખભાને બદલે તલવાર હાથમાં લઈ બધી વિધિ થવા દીધી !"

આ વિઠ્ઠલનું જીવન ખેતર, દૂધ અને દુકાનમાં ખરચાઈ જવાનું હતું, પરંતુ તે અરસામાં અમદાવાદમાં ધંધાસર સ્થિર થયેલા મામાએ તરવિરયા ભાણા વિઠ્ઠલનું હીર પારખ્યું. તેને ખેરાલુથી પોતાને ત્યાં અમદાવાદ ભણાવવા લઈ આવ્યા. આઠમું ધોરણ એણે સોળ વર્ષની વયે પસાર કર્યું હતું (૧૯૪૭), હવે તેને અમદાવાદ આવવાની ઊજળી તક મળી. ભારતને

આઝાદી મળી તે વર્ષે વિઠ્ઠલને મળ્યું વિદ્યાનું મોકળું મેદાન !

આમ તો તેને અમદાવાદ શહેરની બીજી સારી ગણાતી હાઈસ્કૂલોમાં પ્રવેશ મળ્યો હોત, પરંતુ મામા સરસપુરમાં રહેતા હતા. ત્યાંથી બસમાં જવાનો રોજનો ખર્ચ પણ પોસાવો જોઈએ ને ? સાઇકલ પણ નહોતી. આથી ઘર નજીકની હાઈસ્કૂલ પસંદ કરી.

એ હાઈસ્કૂલ વિશે મામાએ માહિતી મેળવી લીધી. એના હેડમાસ્તર છે, ડૉ. રઘુભાઈ નાયક તો છેક જર્મનીમાં ભણેલા છે. ભારે કડક માણસ એમનાં પત્ની જશીબહેન તો જાણે માતા જશોદાનો અવતાર ! એ બંને થકી પહેલાંથી જ માંદી રહેતી હાઈસ્કૂલમાં ચેતન આવ્યું છે !

આ ચેતન-પ્રવાહમાં સરકવાને આતુર વિદ્યાર્થી વિઠ્ઠલને વિઘ્ન હતું વિત્તના અભાવનું. એક વરસ તો મામાએ ફી ભરી. પછી એમને પણ એ બોજ આકરો લાગ્યો ! બીજે વરસે વિઠ્ઠલે પોતાની કથની આચાર્ય રઘુભાઈને કહી, પોતાના બધા સંજોગોની વાત કરી. રઘુભાઈએ વિઠ્ઠલની પૂરી ફી-માફી કરી આપી

બીજે દિ' વિઠ્ઠલ ગામઠી વેશે 'સરસ્વતી' માં પ્રવેશ્યો. કેટલાકે મજાક કરી. તે પ્રાર્થનાસભામાં બેઠો. સભાના અંતે આચાર્ય રઘુભાઈએ ટૂંકું પ્રવચન કર્યું અને દેશને પ્રાપ્ત થનારી આઝાદી પછી નાગિરકોની વધનારી જવાબદારીઓનો ખ્યાલ આપ્યો.

વિદ્યાર્થી વિઠ્ઠલને પ્રાર્થનાનું ખેંચાણ એવું કે એ શાળામાં કદી મોડો ન પડે. અંગત ચોખ્ખાઈ એવી ચીવટથી રાખે કે શાળામાં પ્રવેશતી વખતે શિક્ષક દ્વારા થતી તપાસ પછી તેને અટકાવવામાં ન આવે. હવે ધોતી-ટોપીની જગાએ શોભી રહ્યો 'સરસ્વતી'નો ગણવેશ !

શાળાના આરંભના દિવસોમાં લેવાયેલ વર્ગ-કસોટીમાં વિઠ્ઠલને અંગ્રેજીમાં પચીસમાંથી અઢાર ગુણ મળ્યા ને વિજ્ઞાનમાં ત્રીસમાંથી ઓગણત્રીસ ! વર્ગ - આખામાંથી તે એક જ પાસ ! સૌ કબૂલવા માંડ્યા : ગામડેથી આવેલ એ છોકરો 'ગામડિયો' તો નથી જ ! હા, બોલીની વાત જરા જુદી : વર્ગમાં પાઠ વાંચતી વખતે વિઠ્ઠલ બોલ્યો : "દયાનંદ સરસ્વતી બચપણમાં પીપળાના ઝાડને પોણી રેડવા જતા…" ને તે સાંભળીને બધા પડ્યા હસી, ને તે પછી વિઠ્ઠલ-વાણીમાંથી બોલી પણ ગઈ ખસી !

શાળા-પ્રવેશના ચોથા દિવસે આચાર્ય રઘુભાઈ અંગ્રેજીનો તાસ લેવા વર્ગમાં આવ્યા. વિદ્યાર્થીઓ પાસે વારાફરતી પાઠ વંચાવ્યો. વિઠ્ઠલે એક ઉચ્ચાર-દોષ સિવાય બધું સ્પષ્ટ ને સાચું વાંચ્યું. તે ઉચ્ચાર સુધરાવીને રઘુભાઈએ તેને અંગ્રેજીમાં નામ-ઠામ પૂછ્યાં. વિઠ્ઠલે સાચા અંગ્રેજીમાં જવાબ આપ્યા. રઘુભાઈએ સસ્મિત ધન્યવાદ આપ્યા. વિઠ્ઠલના ડર-સંકોચ દૂર થઈ ગયા. તેઓ પોતાના નજીકના સગા હોય એવો ભાવ થવા માંડ્યો.

સ્વમાની વિઠ્ઠલ તેજસ્વી વિદ્યાર્થી તરીકે શિક્ષકોના પ્રેમને પાત્ર થયો. તેને શાળામાં યોજાયેલ વાલી-સભામાં નિમંત્રિત મામાની હાજરીમાં મેરિટ-કાર્ડ એનાયત થયું, મામાને મન તો જાણે ઈડરિયો ગઢ જિતાઈ ગયો ! ભાણાને તો હજુ ઘણા ગઢ જીતવાના બાકી હતા. એણે તે સમયથી અખબાર 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' વાંચવું શરૂ કરી દીધું. આંતરરાષ્ટ્રીય સમજ અને સાહિત્ય અંગેનાં શાળા-પ્રદર્શનો માટે ચાર્ટસ તૈયાર કર્યાં. તંદુરસ્ત વિઠ્ઠલ દેશી રમતોમાં ખેલંદો ગણાતો. ઉદ્યોગના વિષયોમાં અઘરું ગણાતું સુથારીકામ પસંદ કરનાર વિઠ્ઠલ શાળામાં વક્તૃત્વ તેમજ અભિનયક્ષેત્રે પણ ઝળકતો રહ્યો.

બીજા વર્ષે શાળાસમિતિમાં નાગરિક-મંત્રી તરીકે ચૂંટાયેલા વિઠ્ઠલ પર એક જબરી જવાબદારી આવી પડી. એક વિદ્યાર્થીને નાછૂટકે શાળા-નિકાલ કરવામાં આવ્યો

હતો. તેની ધાકથી હડતાલ પડી. ગામડેથી પાછા આવેલ નાગરિક-મંત્રી વિઠ્ઠલે કુનેહપૂર્વક પરિસ્થિતિ કાબૂમાં લીધી. લીમડા નીચે લંબાણથી ચર્ચાઓ કરી, પરિણામે હડતાલ પાછી ખેંચાઈ. નાગરિક-મંત્રી તરીકે એ ભીંતપત્ર સજાવતો અને આચાર્ય રઘુભાઈના અધ્યક્ષપદે નાગરિક-ફરજ અંગે વાદ-સભાનું આયોજન પણ કરતો.

શાળા દ્વારા યોજાતાં ઐતિહાસિક સ્થળ-દર્શન માટેનાં પર્યટનો, પ્રાસંગિક ખેતીકામ, વર્ષામંગલ-ઉત્સવ, ગામડાંની મુલાકાત - આવી-તેવી સહાભ્યાસપ્રવૃત્તિઓ દરમિયાન કડક મનાતા આચાર્ય રઘુભાઈ તેમજ માયાળુ જશીબહેન સહિત અન્ય શિક્ષકોના અનૌપચારિક સદ્વ્યવહારથી વિઠ્ઠલ પ્રભાવિત થઈને સરસ્વતીમય રહેતો.

મામા-પરિવાર સાથે સરસપુરની શેરીમાં રહેતો વિઠ્ઠલ ઘરથી બહારના રસ્તે મૂકાયેલ જાહેર નળમાંથી પાણી ભરતો, ચૂલો પેટાવી સૌ માટે લિજ્જતદાર ચા બનાવતો, પાથરણાં કરતો ને ગોઠવતો. સસરાની દુકાને બેસીને એમને પોરો પણ આપતો. આમ, ઘરકામમાં મદદરૂપ થવાની પ્રેરણા એને જશીબહેન-રઘુભાઈએ આપી હતી. મામાના ઘરે વીજળીબત્તી ન હોવાથી એક હોટેલના છોકરા સૂતા તેવા મેડે વાંચતો. ત્યાં રાત્રે બાર વાગ્યા લગી વાંચવા જતો. વિઠ્ઠલ મેટ્રિકમાં ઊંચી ટકાવારી સાથે પાસ થયો (૧૯૫૦). શાળામાં તે પ્રથમ ક્રમે હતો. હવે તો પ્રેમાળ અનુભવાતાં રઘુભાઈ-જશીબહેને આગળ અભ્યાસ કરતા રહેવાની ભારપૂર્વક ભલામણ કરી.

પરંતુ વિઠ્ઠલ માટે તે શક્ય ન હતું. મામાની પારિવારિક જવાબદારી વધી હતી. પિતા તો તેથીય વધુ લાચાર. અધૂરામાં પૂરું તે વરસે પાક નિષ્ફળ ગયેલો ને બળદેય મરી ગયા ! વળી અઢાર વર્ષના થયેલાં ધર્મપત્ની કાન્તાબહેન સાસરે આવી ગયાં, તેથી પરિવારની જવાબદારી નિભાવવાનું પણ ગૃહસ્થ વિઠ્ઠલભાઈ પર આવી પડ્યું. ઉચ્ચ અભ્યાસ અંગેનાં સ્વપ્નોને સંકેલતા હોય તેમ ખેરાલુથી એમણે પોતાના માર્ગદર્શક અને ફિલસૂફ આચાર્ય રઘુભાઈને લખી જણાવ્યું : "સંજોગોથી હવે મારા માટે આગળ અભ્યાસ કરવાનું શક્ય નથી." પત્રમાં વિઠ્ઠલભાઈએ લખ્યું તો ન હતું, છતાં જશીબહેન-રઘુભાઈને તે પત્રમાં વંચાયું : 'રઘુવર તુમકો મેરી લાજ !'

અભ્યાસક્ષેત્રે જ નહીં, જીવનક્ષેત્રે 'પ્રિય વિઠ્ઠલભાઈ' સદા આગળ વધતા રહે તેવી કામનાઓ વહાવતાં રઘુભાઈ-જશીબહેને તેમને અમદાવાદ મળવા આવવા જણાવ્યું, હિંમતભેર કૉલેજમાં દાખલ થઈ જવા સમજાવ્યા. તે અરસામાં સાયન્સ કૉલેજમાં ભણવા ગયેલા વિઠ્ઠલભાઈની અડધી ફી કૉલેજે માફ કરેલી અને બાકીની અડધી ફી રઘુભાઈએ મેળવી આપેલી. વાસ્તવમાં ફી ઉપરાંતના ખર્ચની જોગવાઈ કરવાનું મુશ્કેલ પડ્યું. કૉલેજનું પહેલું વર્ષ (૧૯૫૦-'૫૧) તો માંડ ખેંચાયું. બીજું વર્ષ ખેંચવું અઘરું જ નહીં, અશક્ય જણાયું.

સુપાત્ર શિષ્યની વિદ્યાસાધના અખંડ રહે તેવા આશયથી ગુરુવર્ય રઘુભાઈએ બીજા વર્ષથી સાયન્સને બદલે આર્ટ્સમાં જોડાવાનું સૂચવ્યું. તેની ફી પોતે ભરી આપી અને અનુકૂળતા થતાં તે જ વર્ષે પોતાની શાળા સરસ્વતી વિદ્યાલયમાં સહાયક શિક્ષક તરીકે નોકરી આપી - માસિક પગાર પંચાણુ રૂપિયા સ્કૂલ અને આર્ટ્સ કૉલેજનો સમય અનુકૂળ પડે તેવો હતો. શિક્ષક વિઠ્ઠલભાઈ સસરાજીએ અપાવેલ સાઈકલ પર સવાર થઈને ટ્યૂશનો ખેંચીને ઘરસંસાર પણ અભ્યાસની સમાંતર ચલાવવા મંડ્યા !

આમ, વીસ વર્ષની વયે શિક્ષક તરીકે શિક્ષણક્ષેત્રે પ્રવેશેલા વિઠ્ઠલભાઈ બીજા જ વર્ષે (૧૯૫૨-'૫૩) જરૂરી ગણાતી તાલીમ લેવાને એસ.ટી.સી. કરવા


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

મંડ્યા. આ માટે વર્ગો ભરવા જરૂરી ન હતા. શિક્ષણના સિદ્ધાંતો રઘુભાઈએ શીખવ્યા અને જશીબહેને પચીસ પાઠોનું નિરીક્ષણ કરવા દરમિયાન કહ્યું : "વિઠ્ઠલભાઈ ! શિક્ષણક્ષેત્રે ગુજરાતમાં ને દેશમાં અનન્ય ઠરો એવા શિક્ષક તમે બનો તે જોવા અમે સદા આતુર છીએ. સાથોસાથ તેવા શિક્ષક બનીને તમે અમારી શાળામાં હો એવું ઇચ્છીએ છીએ." વિઠ્ઠલભાઈને મન એ ગુરુવર્યની ઇચ્છા ન હતી, વરદાન હતું.

બાર વર્ષ (૧૯૫૧-'૬૨) લગી પોતાની શાળામાં મદદનીશ શિક્ષક અને પછી નિરીક્ષક તરીકે સેવા આપનાર આદર્શપ્રેમી વિઠ્ઠલભાઈ વિદ્યાર્થીઓને સાહજિકતાથી સન્માનતા. જરૂર પડ્યે ઠપકો આપે, પણ વાગે નહીં તે રીતે શારીરિક સજા તો તેમણે કદી કરી જાણી નથી તેમની ભણાવવાની રીત એવી કે વિદ્યાર્થીને જાતે ભણતા કરે. તેમનો તાસ પૂરો ન થાય તેવું વિદ્યાર્થીઓ ઇચ્છતા ને તેથી જ જાણે એમનો તાસ વહેલો પૂરો થઈ જતો !

બી.એ. થયા પહેલાં જ વિઠ્ઠલભાઈની શિક્ષણપદ્ધતિમાં નાટ્યીકરણ, મુલાકાત, પર્યટન ને ચર્ચા જેવી પ્રયુક્તિઓ વણાઈ ચૂકી હતી. દાયકાથી વધુ સમયગાળાની તેમની એ.સી.સી. ઑફિસર તરીકેની કામગીરી અને ૧૯૫૩થી આરંભાયેલ ને આજ લગી જળવાયેલ વાલી-સહયોગ માટેની કામગીરી દ્વારા એમણે શાળા-સંસ્થાને નવચેતન આપ્યા કર્યું. રઘુભાઈ-જશીબહેનના કર્મભક્ત પરિવારમાં તો તેઓ ક્યારનાય સમાઈ ગયા.

એક વખત ખેરાલુથી બાની બીમારીની ખબર આપતો તાર વિઠ્ઠલભાઈને મળ્યો. શિક્ષક વિઠ્ઠલભાઈ આચાર્ય રઘુભાઈ પાસે રજા લેવા લથડતા પગે તેમની ઑફિસમાં ગયા. તેમની માનસિક હાલત જોઈને રઘુભાઈએ પોતાની લાક્ષણિક ઢબે કહ્યું : "બા પાસે જાઓ ખરા, પણ એમ ઢીલા કેમ થઈ ગયા છો ? ઢીલા થઈને જશો તો, વિઠ્ઠલભાઈ ! બા વહેલાં વિદાય લઈ લેશે ને મક્કમ મનથી જશો તો ઝટ સાજાં થશે." વાતેય ખરી પડી, બાને અમદાવાદ લાવ્યા ને પછી તેઓ વીસ વરસ જીવ્યાં !

આદરણીયા જશીબહેનના પિતાજી મનોવિજ્ઞાનના પ્રખર અભ્યાસી અને કેળવણીકાર હરભાઈ ત્રિવેદી જ્યારેજ્યારે ભાવનગરથી અમદાવાદ 'સરસ્વતી' - પરિવારની સંભાળ લેવા આવતા ને થોડાક દિવસ રોકાતા ત્યારે વિઠ્ઠલભાઈને તેમની હાજરીનો સારો લાભ મળતો. તે ગાળામાં હરભાઈ તેમને જે લેખ લખાવે તે તેઓ નોંધતા ને પછી તે લખાણ વ્યવસ્થિત કરીને તેમને સોંપતા. આથી વિઠ્ઠલભાઈનું શિક્ષણના મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ અનાયાસ થતું રહ્યું.

સને ૧૯૫૪માં બી.એ. થયેલા વિઠ્ઠલભાઈએ તે પછી શિક્ષક લેખે શિક્ષણક્ષેત્રે સમર્પિત થવાનું 'ધ્યેય' નિર્ધારિત કર્યું. જોકે તેમના તેવા વલણને વિકસાવવાનું તો તેમના ગુરુવર્ય દ્વારા ક્યારનુંય આરંભાઈ ચૂક્યું હતું !

વાલીનાં સંપર્ક અને શિક્ષણ માટે ચલાવાતા પારિવારિક સામયિક 'ઘડતર'નું સંપાદન કુનેહપૂર્વક કરતા વિઠ્ઠલભાઈએ તે જ ગાળે ત્રેવીસ વર્ષની વયે જ્ઞાતિ-પરિવાર 'પ્રજાપતિ'ના તંત્રીપદની જવાબદારી સંભાળી ત્યારે તેની ગ્રાહકસંખ્યા ચારસો જેટલી હતી, જે વધીને અગિયારસો જેટલી થઈ. આ વધારો તેમના સુધારાલક્ષી તંત્રીલેખોને આભારી હતો.

'એની ઇન્વેસ્ટમેન્ટ ઈન મિ. ઓઝા વિલ બી એ નેશનલ એસેટ એન્ડ નોટ અ લાયેબિલિટી' - આવી દૃઢ માન્યતા ધરાવતા ગુરુવર્ય રઘુભાઈની ભલામણથી ગ્રેજ્યુએટ-ટીચર વિઠ્ઠલભાઈને સંસ્થાએ તેમની તાલીમનો ખર્ચ ભોગવવાનો ઠરાવ કર્યો. એમની બી.એડ્.ની તાલીમ માટે તેમને ડેપ્યુટેશન પર દિલ્હી મોકલવાનું નક્કી થયું. એમણે ત્યાંની સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ

ઑફ એજ્યુકેશનમાં એક વર્ષ (૧૯૫૬-'૫૭) તાલીમ લેવાની હતી.

દિલ્હી જવા રવાના તો થયા, પરંતુ ત્યાંની હૉસ્ટેલમાં એડમિશન મળ્યું ન હતું. આ બાબતની અવઢવના અંધારામાં વિઠ્ઠલભાઈએ તો ઝુકાવ્યું. જાવું જરૂર છે, બંદર છો દૂર છે ! ટ્રેનમાં બેઠા. ચાલુ મુસાફરીએ અધવચ્ચે અજમેર સ્ટેશને એમને વત્સલ રઘુભાઈનો તાર મળ્યો : "હૉસ્ટેલ એડમિશન ગ્રાન્ટેડ ગો સ્ટ્રેટ ધેર." બીજી સૂચનાઓ સાથેના એ લાંબા તારમાં હૉસ્ટેલ-ફીની ચિંતા ન કરવા જણાવ્યું હતું. આમ તાબડતોબ તાર કરવાનું કારણ એટલું જ કે જેથી પ્રિય શિષ્ય ને શિક્ષક વિઠ્ઠલભાઈ ટ્રેનમાં નચિંત મુસાફરી કરી શકે અને ઊંઘી શકે ! મુસળધાર વરસાદમાં લાકડાં વીણવા જંગલમાં ગયેલા કૃષ્ણ-સુદામાને શોધતા વિહ્વળ ગુરુવર્ય સાંદીપનિ જાણે નવા અવતારે હાજરાહજૂર !

ઇન્સ્ટિટ્યૂટે વિઠ્ઠલભાઈને બીએડ્‌માં અંગ્રેજી વિષય રાખવા દેવાનું મંજૂર કર્યું ન હતું, તેઓ ગુજરાતી ખરા ને એટલે ! વિઠ્ઠલભાઈએ અંગ્રેજીમાં રજૂઆત કરી : "આટલે દૂરથી હું અંગ્રેજી શીખવા આવ્યો છું. જો મને તે માટે છૂટ ન અપાય તો-તો મારે અહીં આવવું બેકાર છે !" આ પછી તેમની ઇંગ્લિશ-કન્ટેન્ટ ટેસ્ટ લેવાઈ. તેમાં સફળ થતાં અંગ્રેજી પદ્ધતિ વિષયની છૂટ મળી. એમનો બીજો વિષય હતો સમાજવિદ્યા.

પ્રાયોગિક શિક્ષણ માટેનું વિઠ્ઠલભાઈનું પાઠ-આયોજન ઇન્સ્ટિટ્યૂટના તાલીમાર્થીઓ માટે નમૂનારૂપ ગણાવાતું. એપ્લાઇડ સાઇકૉલોજીમાં ગ્રૂપ-બિહેવિઅરના સંદર્ભે તેમણે લખેલ 'શાળામાં પ્રાર્થનાસભા' વિશેનો નિબંધ ઉત્તમ ઠર્યો હતો. વર્ષના અંતે ઇન્સ્ટિટ્યૂટના પ્રેમાદરને પાત્ર થયેલા વિઠ્ઠલભાઈ બી.એડ્‌. ડિસ્ટિંક્શન સાથે પ્રથમ વર્ગમાં પાસ થયા (૧૯૫૭).

બી.એડ્‌. થયેલા વિઠ્ઠલભાઈએ માતૃસંસ્થા સરસ્વતી વિદ્યાલય - અમદાવાદમાં હાજર થઈ અવનવા પ્રકલ્પો હાથ ધરીને શાળાની શાન વધારી. હવે રઘુભાઈની માર્ગદર્શક સૂચનાથી તેઓ વિદ્યામંડળ ટ્રસ્ટનું કામ પણ અવિધિસર કરવા મંડ્યા. આ બધા વચ્ચે વિદ્યાસાધના તો ચાલુ જ રહેતી. તેઓ અંગ્રેજી વિષય સાથે એમ.એ. થયા (૧૯૬૨).

ટ્રેન્ડ ટીચર વિઠ્ઠલભાઈના અંગ્રેજી શીખવવા સામે વિદ્યાર્થીઓની તત્કાલીન આચાર્ય ગોપલાણીજી પાસે ફરિયાદ પહોંચી : "અંગ્રેજી અંગ્રેજી ભાષામાં જ શીખવે છે તેથી અમને કશી સમજ પડતી નથી !" આચાર્યે દસમા ધોરણના એ વર્ગને એક મહિના માટે 'અંગ્રેજીનો જુલમ' સહી લેવા સમજાવ્યા. માસ આખરે આખા વર્ગે કહ્યું : "સર ! ફરગેટ ઈટ. વી આર હેપી !"

સને ૧૯૬૪માં ગુર્જર-કવિવર 'સ્નેહરશ્મિ' દિલ્હી ગયા ને ત્યાંના સરદાર પટેલ વિદ્યાલયના તત્કાલીન આચાર્ય ને મિત્ર રઘુભાઈને મળીને કહ્યું : "બંધુ ! અમારી સંસ્થા સી.એન.માં જી.બી.ટી.સી.ની કૉલેજ શરૂ કરે છે. તે માટે યોગ્ય પ્રિન્સિપલ જોઈએ છે." રઘુભાઈએ કેટલાંક નામો સૂચવ્યાં, જેમાં વિઠ્ઠલભાઈનો પણ સમાવેશ હતો. તે વખતે વિઠ્ઠલભાઈ સરસ્વતી વિદ્યામંડળની અસારવા હાઈસ્કૂલના આચાર્ય હતા, તેથી નવાઈ પામેલા 'સ્નેહરશ્મિ'ને રઘુભાઈએ ખેલદિલીથી કહ્યું : "તેઓ આવવા ઇચ્છશે તો હું ના નહીં પાડું."

અમદાવાદમાં 'સ્નેહરશ્મિ' અને પછી ઇન્દુબહેને વિઠ્ઠલભાઈને રૂબરૂ બોલાવીને સમજાવી જોયા. એમ પણ કહ્યું : "અહીં આવશો તો કોઈ વખત તમે સી.એન.ના વડા થશો."

"સી.એન.માં તો સુખી છોકરાઓ ભણે છે; હું તો મારા જેવા ગામઠી છોકરાઓને ઉપયોગી થઉં તો તેનો સંતોષ."


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

એમની સ્પષ્ટ ના છતાં વાત તૂટી નહીં ! તે ગાળામાં દિલ્હીથી અમદાવાદ સંસ્થા-સંભાળ માટે આવેલાં જશીબહેન-રઘુભાઈને વિઠ્ઠલભાઈએ કહી નાખ્યું "મને કાઢવો છે કે શું? શી ભૂલ થઈ છે મારી?"

"અમને એમ લાગે છે કે અમારા પ્રત્યેના પ્રેમને કારણે તમારો વિકાસ રૂંધાય તે ઠીક નહીં, છતાં છેવટ નિર્ણય તમારો જ રહે."

"સારું થયું કે છેવટનો નિર્ણય મારા પર છોડ્યો. હવે સાંભળી લો, હું જતો નથી. ખેરાલુ ગામનો ખેડુ-કુંભારનો છોકરો અસારવા હાઈસ્કૂલ જેવી શાળાનો આચાર્ય હોય તેથી એણે વધુ શું સિદ્ધ કરવાનું હોય?" આમ, એમનો 'સરસ્વતી' સાથેનો આજીવન નાતો દૃઢીભૂત થઈ ગયો.

શિક્ષણના પારંગત ગણાતા હોવા છતાં યુનિવર્સિટીની એમ.એડ્.ની પદવી મેળવવા વિઠ્ઠલભાઈએ અભ્યાસ ચાલુ રાખ્યો. તેના ભાગરૂપે એમણે તૈયાર કરેલ લઘુશોધનિબંધનું શીર્ષક હતું: 'અ સ્ટડી ઑફ ફેક્ટર્સ અફેક્ટિંગ પેરન્ટ-ટીચર રિલેશનશિપ ઈન સેકન્ડરી સ્કૂલ્સ'. આ નિમિત્તે એમની સંશોધનસૂઝને વૈજ્ઞાનિક અભિગમ મળ્યો. તેઓ એમ.એડ્. થયા (૧૯૬૪).

સને ૧૯૬૬માં 'એક્સપેરિમેન્ટ ઇન ઈન્ટરનેશનલ લિવિંગ' ના ઉપક્રમે નવા શિક્ષકોના જૂથના નેતા તરીકે વિઠ્ઠલભાઈ ઓઝા અમેરિકા ગયા અને તે અંગેના વિરલ અનુભવોથી સમૃદ્ધ થયા.

આચાર્ય વિઠ્ઠલભાઈ લાયક, પરંતુ ગરીબ વિદ્યાર્થીઓની ઉચ્ચ શિક્ષણ માટેની ફી આપી છૂટે કે કોઈ ભૂતપૂર્વ ને સંપન્ન વિદ્યાર્થી પાસેથી ફી મેળવી આપે. તેમની આ પ્રવૃત્તિનાં નગારાં વાગતાં રોકીને તેઓ કહ્યા કરે : "ભાઈ ! આ કંઈ ગરજવા-વગાડવા જેવી બાબત નથી. મારી ગરીબ સ્થિતિમાંથી જેમ હું ઊગર્યો, તેમ મારા સરખા બીજાને પણ ઉગારવાની મારી ભાવના હોય છે, એટલું જ બાકી આવું-તેવું કરીને હું તો મારા પરનું ઋણ અદા કરવાનો પ્રયત્ન કરું છું. કોઈ પર ઉપકાર નથી કરતો."

આચાર્ય વિઠ્ઠલભાઈને સરસ્વતી વિદ્યામંડળની સંચાલનસમિતિમાં ભૂતપૂર્વ પ્રતિનિધિ તરીકે વિધિસર સમાવવામાં આવ્યા (૧૯૬૭).

સને ૧૯૭૩માં મળેલી સંચાલનસમિતિની બેઠકમાં વિઠ્ઠલભાઈને કહેવામાં આવ્યું : "બે વર્ષ પછી રઘુભાઈ-જશીબહેન દિલ્હીના સરદાર પટેલ વિદ્યાલયના આચાર્યપદેથી નિવૃત્ત થનાર છે. તમે ત્યાં જાઓ અને એ વિદ્યાલય સંભાળો તો સારું."

આ અણધાર્યા પ્રેમાક્રમણથી બચવા વિઠ્ઠલભાઈ સભાખંડની બહાર ચાલ્યા ગયા ! એમના મનમાં એક તર્ક દૃઢીભૂત હતો : આ '૭૩-'૭૫ના ગાળામાં સંસ્થાના અન્ય ત્રણેક સિનિયર્સ નિવૃત્ત થનાર છે, તે અવકાશમાં હું પણ કારકિર્દી જમાવવા ખાતર રાજધાની દિલ્હી જઉં તો અમદાવાદ-સરસ્વતીની સેવાનું શું? ફરી સભાખંડમાં પ્રવેશીને એમણે દૃઢતાપૂર્વક કહ્યું : "સદ્ભાવ બદલ આપ સૌનો આભાર, પરંતુ હું તો મારી જાતને 'સરસ્વતી' માટે જ સમજું છું."

આ પછી વિઠ્ઠલભાઈને સરસપુર ખાતેની માતૃસંસ્થા અ. હ. સરસ્વતી વિદ્યાલયનું સુકાનીપદ સોંપવામાં આવ્યું (૧૯૭૪-૮૯). આ દોઢ દાયકા દરમિયાન તેમણે શિક્ષણક્ષેત્રે રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ વિશેષ સલામને પાત્ર દક્ષતાપૂર્ણ સેવાઓ આપી. તેઓ રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડથી સન્માનિત થયા (૧૯૭૬). પછાત કહી શકાય તેવા વિસ્તારમાં વિકસતા રહેલ શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલયની શૈક્ષણિક ગુણવત્તા જાળવવા-વધારવામાં વિઠ્ઠલભાઈને સફળતા મળી, જેનું પ્રમાણ એસ.એસ.સી.નાં ઝળહળતાં પરિણામો આપતાં રહ્યાં.

કેન્દ્રકક્ષાએથી અનુદાન મળ્યું તેવા સમાજવિદ્યા અને 'યુનો'ના સફળ પ્રકલ્પ હાથ ધરનાર વિઠ્ઠલભાઈ પોતાની શાળામાં વ્યાવસાયિક માર્ગદર્શન અંગે સક્રિય રહેતા. તેઓ પોતાના શિક્ષકોને પણ એવા પ્રકલ્પો સોંપતા કે જેનાથી વિદ્યાર્થીઓમાં ઉચ્ચ સિદ્ધિ મેળવવાની ઝંખના જાગે અને તીવ્ર બને. સાથોસાથ અભ્યાસમાં મંદ જણાયેલ વિદ્યાર્થીઓનો વ્યક્તિ-અભ્યાસ (કેસ-સ્ટડી) કરીને તેમને સરેરાશ કક્ષાએ લાવવાનો તેમનો પ્રયાસ નોંધપાત્ર ગણાય.

તેમની શાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુ માટે અનેક સહાભ્યાસ-પ્રવૃત્તિઓ આયોજાતી રહી. તેમાં અનુકરણીય ગણાય તેવી પ્રવૃત્તિઓમાં શુક્રવારની કલ્યાણનિધિ, ગુરુપૂનમની અભિવાદનસભા, પુસ્તકાલય-સજાવટ અને વિવિધ બાબતે પ્રદર્શનો ગણાવી શકાય. વિશેષ અનુકરણીય પ્રવૃત્તિઓમાં 'સમય બચાવો' આંદોલન, નવાગંતુક વિદ્યાર્થીઓનાં સ્વાગત-સંભાળ, ગ્રામસેવા ને સંપર્કો અને હોમરૂલ પિરિઅડ છે. આ પિરિઅડમાં શિક્ષકો નિયત વિદ્યાર્થીજૂથની સમગ્ર પરિસ્થિતિ જાણે અને તેમની સુષુપ્ત શક્તિના વિકાસ માટે માર્ગદર્શક સૂચનો આપતા રહેતા. શાળાના ઉપાસના-સંમેલનમાં આખી શાળા હાજર હોય તે વખતે સહજમાં જ થતું વિઠ્ઠલભાઈનું સંભાષણ એક એવો તાસ બની રહે કે જેમાં ગેરહાજર રહેનારને આખો દિ' અફસોસ રહે અને વિઠ્ઠલભાઈને પણ લાગે કે જાણે પોતે ગેરહાજર છે !

આચાર્ય વિઠ્ઠલભાઈ શાળા-સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક કાળજીપૂર્વક જાળવતા રહ્યા છે. એમને વિદેશ જવાનું બન્યું ત્યારે ઉતારો તો પ્રિય શિષ્યોને ત્યાં જ ! તેમની સાથેના આત્મીય સંબંધોને લીધે સંસ્થાની સુવિધાઓ વધારવા-વિકસાવવામાં સક્રિય સહયોગ મળતો રહ્યો છે.

સને ૧૯૮૩થી સરસ્વતી વિદ્યામંડળના સહાયક મંત્રી તરીકેની જવાબદારી અદા કરતા વિઠ્ઠલભાઈ ઓઝાની ચોક્સાઈભરી કાર્યપદ્ધતિ જોઈને તેમની ક્ષમતાનો લાભ રાજ્યના શિક્ષણખાતાએ પણ લીધા કર્યો. રાજ્ય શિક્ષણ સલાહકાર સમિતિ, પારિતોષિક નિર્ણાયક સમિતિ, અભ્યાસક્રમ સુધારણા સમિતિ, પરિસંવાદ-આયોજન, સ્કૂલ ઈન્સ્પેક્શન ટીમ વગેરેમાં તેમનો સક્રિય સહયોગ રહેતો. કેન્દ્રીય શિક્ષણ મંત્ર્યાલયે પણ તેમનો સહકાર લીધો છે. અમદાવાદના આચાર્ય મંડળની કારોબારી સમિતિના સભાપદે ને પછી મંત્રીપદે રહી ચૂકેલા વિઠ્ઠલભાઈએ સંઘ, શાળા અને સરકાર વચ્ચેની સમસ્યાઓ સંઘર્ષ જન્માવે તે પહેલાં ઉકેલવામાં અસરકારક ભૂમિકા ભજવ્યા કરી. તેઓ રાષ્ટ્રકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકેના અવૉર્ડથી સન્માનિત થયા (૧૯૮૦) ત્યારે ગુરુવર્ય રઘુભાઈ-જશીબહેને જ નહીં, સમગ્ર સરસ્વતી પરિવારે વિઠ્ઠલભાઈના વર્ણ જેવું ગુલાબી ગૌરવ અનુભવ્યું.

નેશનલ પેરન્ટ-ટીચર એસોશિએશનના કાર્યવાહક સભ્ય તરીકે સેવા આપી ચૂકેલા વિઠ્ઠલભાઈ ઓઝા વાલીઓમાં શિક્ષણ-સુવિધા સંદર્ભે જાગ્રત ઉત્સાહ જગાવી શકે છે. તેઓ ગુજરાત પેરન્ટ-ટીચર એસોસિએશનના સ્થાપક છે. આ ક્ષેત્રકાર્ય અંગે એમણે લખેલો નિબંધ એન.સી.ઈ.આર.ટી.ના સેમિનાર રીડિંગ પ્રોગ્રામમાં રજૂ કરવા પસંદ થયો હતો. 'શાળામાં વાલી-શિક્ષક-સહકાર' નામનું પુસ્તક પણ તેમણે લખ્યું (૧૯૭૧). સંસ્થાની સંપર્કપત્રિકા 'ઘડતર' દ્વારા તેમણે વાલીઓમાં શિક્ષણપ્રેમ જગાવવા ને વિકસાવવા સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. આજે પણ શિક્ષક-વાલી સહકાર સંબંધે 'સરસ્વતી વિદ્યામંડળ' ગુજરાતને રાહ ચીંધે છે એમ મનાય છે તેનું શ્રેય વિઠ્ઠલભાઈને છે.

આકાશવાણીના સલાહકાર તરીકે, લાયન્સ ક્લબ ઓફ સરસપુરના પ્રમુખ તરીકે યાદગાર સેવાઓ આપી ચૂકેલ વિઠ્ઠલભાઈ ઓઝાએ કલમ પણ ચલાવી જાણી છે. 'નયા શિક્ષક', 'નૂતન શિક્ષણ', 'સારસ્વત' અને 'કુલધર્મ' જેવાં શૈક્ષણિક સામયિકોમાં તેમણે અવારનવાર પ્રાસંગિક લેખો લખ્યા છે. એમણે પ્રાથમિક ધોરણો માટે અંગ્રેજી પાઠ્યપુસ્તકો અને તેની હેન્ડ્-બૂક્સ લખવામાં સહયોગ કર્યો છે.

સરસ્વતી વિદ્યાલયમાં પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક વિભાગ પણ સમાવિષ્ટ હોવાથી તે કક્ષાનાં શિક્ષણ અને સહાભ્યાસપ્રવૃત્તિઓ અંગે વિઠ્ઠલભાઈએ સુપેરે ચિંતન કર્યું છે અને ઇચ્છનીય પ્રથાઓ પણ પાડી છે.

છેલ્લાં પંચાવન વર્ષથી પ્રકાશિત થતા રહેતા ગુજરાતના ગૌરવ સમાન સામયિક 'ઘરશાળા'ના સહતંત્રી તરીકેની જવાબદારી સને ૧૯૭૬થી દક્ષતાપૂર્વક વિઠ્ઠલભાઈ અદા કરી રહ્યા છે. એ દ્વારા એમણે નવી કલમોનું ઘડતર કર્યું છે.

શિષ્યથી પરાજિત થવામાં પોતાની જીત જોતાં રહેતાં ગરવાં ગુરુ રઘુભાઈ- જશીબહેનનાં શૈક્ષણિક-સામાજિક અરમાનોને ગતિશીલ આકાર આપવા સદા તત્પર રહેતા આચાર્ય વિઠ્ઠલભાઈ સાડત્રીસ વર્ષની શિક્ષક-આચાર્ય તરીકેની સેવાઓ આપીને વય-મર્યાદાને કારણે નિવૃત્ત થયા (૧૯૮૯) કે વિશેષ પ્રવૃત્ત થયા?

હવે એમણે સરસ્વતી વિદ્યામંડળના સંયોજક તરીકેની ફરજો બજાવવા માંડી. એ ટ્રસ્ટ દ્વારા સ્થાપિત બે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ઉપરાંત બે નર્સરી અને ત્રણ પ્રાથમિક શાળાઓનો સમાવેશ થાય છે. સમગ્ર સંકુલમાં બધાં મળીને પાંચ હજારથી વધુ વિદ્યાર્થીઓ સમાવિષ્ટ છે. વળી જવાબદારીનું સ્વરૂપ બદલાયું, સને ૧૯૯૩થી ટ્રસ્ટના મંત્રી તરીકે નાણાકીય, વહીવટી, વિદ્યાકીય અને સમાજલક્ષી કાર્યપ્રવૃત્તિ સંબંધે નિર્ણયો લેવાનું બનતું રહ્યું છે. સમસ્યાઓ વચ્ચે સમતુલા જાળવીને બુદ્ધિપૂર્વક સખત કામ કરવાની હવે એમને જાણે ટેવ પડી ગઈ છે.

સંસ્થાકીય બાબતે નિર્ણયો લેતી વખતે ગુરુવર્ય રઘુભાઈ નાયક કરતાં ધીમા જરૂર, પરંતુ વાસ્તવલક્ષી વિશેષ. રઘુભાઈની ભૂમિકા સવિશેષ તાત્ત્વિક રહી છે. તેઓ કહી પણ લે : "વિઠ્ઠલભાઈ ! તમે ધીમા... તરત તો નિર્ણય ન જ લો."

એમની સાથે અભિપ્રાય-ભેદ થાય ત્યારે વિઠ્ઠલભાઈ કહે : "આ તો મારો મત આવો છે. આપના મત સાથે હું સંમત નથી." વિઠ્ઠલભાઈ પોતાના મંતવ્ય માટે મુદ્દાસર આધારો પણ આપે ને ઉમેરે : "તમે મારી વાત ન સ્વીકારો તો છેવટે તમે જે કહેશો તે સ્વીકારી લઈશ - આપ ગુરુ હોવાના નાતે. આઇ ડિસઅગ્રી, બટ અગ્રી ટુ કેરી આઉટ વ્હૉટેવર વી ડીસાઈડ - કારણ કે તમે વધુ ચિંતનશીલ અને અનુભવી છો."

નિર્ણયનો અમલ કરતી વખતે જે વ્યક્તિ કે પક્ષ સાથે મતભેદ હોય તેમની સાથે રહીને પણ રચનાત્મક કામ પાર પાડવાની વિઠ્ઠલભાઈની સફળ નિષ્ઠા સલામીને પાત્ર છે. શાળા-સંસ્થાની કોઈપણ વ્યક્તિ સાથે શેઠ કે માલિકની અદાથી નહીં, સામી વ્યક્તિનું ગૌરવ જાળવીને માનવીય વ્યવહાર કરતા રહેતા વિઠ્ઠલભાઈને ગુરુવર્ય રઘુભાઈએ એક વાર વિદેશથી લખ્યું : "આઈ એમ ક્વાઈટ શ્યોર, સરસ્વતી ઈઝ વર્કિંગ નાઈસલી એન્ડ યૂ હેવ ધ પીસ ઑફ માઈન્ડ ટુ પુશ ઈટ ફૉરવર્ડ."

તાજેતરમાં ડિસેમ્બર '૯૪ની આખરે સંસ્થાની સુવર્ણજયંતી ઊજવાઈ તે નિમિત્તે નીકળેલી ભવ્ય રેલી વખતે સંસ્થાના એક અધિનાયક ડૉ. રઘુભાઈ-જશીબહેનને અને નમ્ર નાયક વિઠ્ઠલભાઈને પણ

ભરીબજારે ચાહકોએ ફૂલહાર લાદીને ઊંચકી લીધાં હતાં.

એમની સાથે અનેક બાબતે વાતો કરી શકાય. શિક્ષણ ઉપરાંત સંગીત, ભક્તિ ટીવી સિરિઅલ, નૃત્ય, પુસ્તક, પ્રવાસ, ગ્રામોદ્ધાર, મહિલા-ગૃહઉદ્યોગ અને બીજા કેટલાય શોખો તેમને સદાબહાર રાખે છે. આ બધામાં પ્રેમી ઉચ્ચ સંસ્કારિતા અપનાવી જણાય છે.

તાજેતરમાં લોકસભાની સામાન્ય ચૂંટણી (૧૯૯૬) થઇ ગયા પછી અને મતગણતરી થયા પહેલાં એમની ઘડીક સંગત થવા પામી ત્યારે છાપું બાજુ પર રાખતાં મેં કહ્યું : ‘‘ચૂંટણીમાં વોટિંગ બહુ ઓછું થયું, વિઠ્ઠલભાઈ !’’

મળ્યો અણધાર્યો જવાબ : ‘‘આ માટે આપણે શિક્ષકો જવાબદાર છીએ. આપણે શું શીખવ્યું ? એવું તે કેવું શીખવ્યું કે આપણા વિદ્યાર્થીઓ પુખ્ત વયે મત આપવા અંગે કોઈ નિર્ણય ન લઈ શક્યા ? શરમજનક!’’

‘‘આપણે ત્યાં સો ટકા નજીકનું વોટિંગ તો એક અદ્‌ભુત પરિવર્તન લેખાશે !’’

‘‘હું સમાજ-પરિવર્તનની રાહ જોવામાં માનતો નથી. પરિવારોને જરૂરી પરિવર્તન માટે કેળવો. તે માટે શિક્ષણ આપો.’’

‘‘તેવું શિક્ષણ આપી શકે તેવા શિક્ષકો આપણે ત્યાં કેટલા ? સમાજ તેવા શિક્ષકોને કાન ધરે એવું લાગે છે ખરું આપને ?’’

‘‘ખરું છે. શિક્ષકમાં નોકરિયાત-વૃત્તિ આવી ગઈ. તેથી તેનો વ્યવહાર જ એવો કંગાળ થતો જાય છે કે તે આપોઆપ પોતાનું ગુરુસ્થાન ગુમાવતી જાય છે.’’

‘‘ગુમાવાતું ગુરુસ્થાન ફરી કેમ મળે ?’’

‘‘શિક્ષકો પોતાના કાર્યનું - વ્યવહારનું અવલોકન કરે ને તેમાંની ક્ષતિઓ જેમજેમ દૂર કરતા જશે તેમતેમ સમાજમાં ગુરુસ્થાન પ્રાપ્ત થતું જશે.’’

‘‘આપ શિક્ષકોને શું કહેવા ઇચ્છો ?’’

‘‘શિક્ષકની સર્વપ્રથમ ફરજ પોતાના શિક્ષણકાર્યને વફાદાર રહેવાની છે. તેની વફાદારીની જ્યોત જ શિક્ષણનાં સર્વ અંગોને પ્રકાશિત કરે છે.’’

‘‘આપનું પ્રિય અવતરણ - જે સદા આપને કાર્યરત રાખતું હોય ?’’

‘‘વર્ક ઈઝ વર્શિપ. મારી ગામડાની શાળાના એક બારણા પર ચોકથી લખાયેલું આ સૂત્ર બચપણથી મને વસી ગયું છે, ઈશ્વરભાઈ ! મને લાગે છે કે પોતાના કાર્યને, આઈ મીન, ફરજોને ભક્તિભાવે બજાવનારને માટે બીજા કોઈ કર્મકાંડની જરૂર નથી.’’

‘‘કોઈપણ કાર્યનું મૂલ્યાંકન કરવાનો આપનો માપદંડ શો છે?’’

‘‘રાષ્ટ્રહિત. જે કામથી દેશનું ભલું ન થનાર હોય, દેશનું ભલે ને લાંબાગાળે અહિત થનાર હોય તે કામ નકામું કામ.’’

‘‘મને લાગે છે કે આપનો જન્મ છવ્વીસમી જાન્યુઆરીએ અને આપના ગુરુ રઘુભાઈનો જન્મ પંદરમી ઓગસ્ટે થયો છે તે સાર્થક ને સૂચક બાબત છે ! વિઠ્ઠલભાઈ ! આપ ખેરાલુના ખેડૂત-પુત્ર આજે ખ્યાતિપ્રાપ્ત શિક્ષણકાર થયા. આપની આ પ્રગતિનો યશ કોને આપો છો ?’’

‘‘મારો જવાબ જાણીતો છે, ઈશ્વરભાઈ ! વ્હોટેવર આઈ એમ, આઈ એમ બીકોઝ ઓફ રઘુભાઈ એન્ડ જશીબહેન.’’ ઘડીક થોભીને કહ્યું : ‘‘ધે આર માઈ કલ્ચરલ પેરન્ટ્સ !’’

શ્રદ્ધેય રઘુભાઈ અને જશીબહેનના પ્રિયપાત્ર થઈને એમના વિશ્વાસપાત્ર થવા સુધીની મંજિલે મહેનતની મશાલ લઈને દોડતા રહ્યા સિવાય કેમ પહોંચાય ? ગરવા ગુરુના સુયોગ્ય શિષ્ય વિઠ્ઠલભાઈ ઓઝાને બા-અદબ સલામ !

(અવસાનઃ તા. ૬-૬-૨૦૦૮)

(સાભાર : શિક્ષણના સિતારા)

# ક્રાંતિ અને શાંતિનો સંગમ

- વિનોબા ભાવે

હું નાનો હતો, ત્યારથી મારું ધ્યાન બંગાળ અને હિમાલય ઉપર ચોંટ્યું હતું. હિમાલય અને બંગાળ જવાનાં સપનાં હું સેવ્યા કરતો. બંગાળમાં વંદેમાતરમ્‌ની ક્રાંતિની ભાવના મને ખેંચતી હતી, અને બીજી બાજુએથી હિમાલયનો જ્ઞાનયોગ મને તાણતો હતો. ૧૯૧૬માં જ્યારે હું ઘર છોડીને નીકળી પડ્યો, ત્યારે મને એક તો હિમાલય જવાની ઇચ્છા હતી, બીજી બંગાળ જવાની. હિમાલય ને બંગાળ બંનેને રસ્તે કાશીનગરી પડતી હતી. કર્મસંજોગે હું ત્યાં પહોંચ્યો.

કાશીમાં હતો તે દરમિયાન મને એક દિવસ ગાંધીજીનું સ્મરણ થયું. એમનું પેલું પ્રસિદ્ધ ભાષણ હું વડોદરા હતો ત્યારે મેં છાપામાં વાંચેલું. બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયના પ્રારંભ પ્રસંગે યોજાયેલ સમારંભમાં તેઓ આવ્યા હતા. તે સમારંભમાં મોટા મોટા વિદ્વાનો, રાજામહારાજાઓ અને વાઇસરોયની હાજરીમાં ગાંધીજીએ જે ઓજસ્વી ભાષણ આપેલું, તેની મારા ઉપર બહુ ઘેરી અસર થઈ હતી. કાશીમાંયે હજી તેની ચર્ચા ચાલ્યા કરતી હતી. મને લાગ્યું કે આ પુરુષ એવો છે, જે દેશની રાજકીય સ્વતંત્રતા અને આધ્યાત્મિક વિકાસ બંને સાથે સાધવા માગે છે. મને આ જ ખપતું હતું. મેં પત્ર લખી પ્રશ્નો પૂછ્યા. જવાબ આવ્યા એટલે ફરી પૂછ્યા. ગાંધીજીએ વળતી આશ્રમમાં દાખલ થવા અંગેના નિયમોની પત્રિકા મોકલી અને લખ્યું કે પત્રવ્યવહારથી વધુ ફોડ નહીં પાડી શકાય, તમે રૂબરૂ આવી જાવ.

અને મારા પગ મહાત્મા ગાંધી તરફ વળ્યા. આમ જોતાં તો એમ લાગે કે ન તો હું હિમાલય ગયો, કે ન બંગાળ પહોંચ્યો. પણ મારા મનથી તો હું બંને જગ્યાએ એકીસાથે પહોંચી ગયો. ગાંધીજી પાસે મને હિમાલયની શાંતિ પણ મળી અને બંગાળની ક્રાંતિ પણ જડી. જે વિચારધારા હું ત્યાં પામ્યો, તેમાં ક્રાંતિ અને શાંતિનો અપૂર્વ સંગમ થયો હતો.

૭ જૂન, ૧૯૧૬ને દિવસે કોચરબ આશ્રમમાં હું ગાંધીજીને પહેલી વાર મળ્યો. ભગવાનની અપાર દયા હતી કે એમણે મને એમનાં ચરણોમાં સ્થિર કર્યો.

ગાંધીજી તો પારસમણિ જેવા હતા. એમના સ્પર્શથી લોઢું સુવર્ણ બનતું. એમના હાથ એવો હતો જેને લીધે તેઓ માટીમાંથી મહાપુરુષ પેદા કરી શકતા હતા, જંગલીને સભ્ય બનાવી શકતા હતા, નાનાને મોટો કરી શકતા હતા.

એમણે મારા જેવા અસભ્ય માણસને સભ્ય તો નહીં, પણ સેવક જરૂર બનાવ્યો. મારી અંદરના ક્રોધના જ્વાળામુખીને અને બીજી અનેક વાસનાઓના વડવાગ્નિને શમાવી દેનારા તો ગાંધીજી જ હતા. આજે હું જે કાંઈ છું. તે બધો એમની આશિષનો ચમત્કાર છે.

ગાંધીજી પાસે પહેલવહેલો આશ્રમમાં પહોંચ્યો, ત્યારે મને તો કંઈ આવડે નહીં એમને પણ ખબર કે સદ્‌ભાવનાથી છોકરો આવ્યો છે. પહેલે દિવસે એમણે શાક સમારતાં શિખવાડ્યું, અને અમે ખૂબ વાતો કરી. એમના હાથે જ હું ધીરે ધીરે ઘડાયો. ૧૯૧૬માં જ્યારે હું એમની પાસે પહોંચ્યો, ત્યારે ૨૧ વરસનો છોકરડો હતો. એક જિજ્ઞાસુ બાળકની વૃત્તિ લઈને એમની પાસે ગયો હતો. ત્યારે એમણે મારી પરીક્ષા કરી હશે કે કેમ તે હું જાણતો નથી, પરંતુ મારી બુદ્ધિથી મેં એમની ઘણી પરીક્ષા કરી લીધી હતી; અને જો તે પરીક્ષામાં તેઓ ઓછા ઊતરત, તો એમની પાસે હું ટકી શકત નહીં.

મારી પરીક્ષા કરીને તેઓ મારામાં ગમે તેટલી ખામીઓ જોત, તોપણ મને પોતાની સાથે રાખત; પણ મને એમની સત્યનિષ્ઠામાં જો કંઈક કમી, ન્યૂનતા દેખાત, તો હું એમની પાસે ન રહેત.

ગાંધીજી હંમેશાં કહેતા કે, હું તો અપૂર્ણ છું. વાત એમની સાચી હતી. મિથ્યા બોલવું તેઓ જાણતા નહોતા. તેઓ સત્યનિષ્ઠ હતા. પરંતુ મેં એવા ઘણા મહાપુરુષો જોયા છે, જેમને પોતાને એવો ભાસ હોય કે પોતે પૂર્ણ પુરુષ છે; એમ છતાં એવા કોઈનું મને લગીરે આકર્ષણ નથી થયું, પરંતુ હંમેશાં પોતાને અપૂર્ણ માનનારા ગાંધીજીનું જ અનેરું આકર્ષણ મને રહ્યું. મારા પર જેટલી અસર ગાંધીની પડી, તેટલી પૂર્ણતાનો દાવો કરનારા બીજા સજ્જનોની ન પડી.

હું ગાંધીજીને મળ્યો અને એમના ઉપર મુગ્ધ થઈ ગયો. 'ગીતા'માં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો આવે છે. એ વર્ણન જેને લાગુ પડે એવો સ્થિતપ્રજ્ઞ શરીરધારી ભાગ્યે જ શોધ્યો જડે. પણ એ લક્ષણોની બહુ નજીક પહોંચી ચૂકેલા મહાપુરુષને મેં મારી સગી આંખે જોયો.

(સાભાર: ચરિત્ર કિર્તન)

## ગાંધીજીનું સ્ત્રી હૃદય

- કાકા કાલેલકર

સ્ત્રીઓમાં કોમળતા હોય છે. નમ્રતાને લીધે કહો અથવા દીર્ઘદક્ષિતાને લીધે, સંઘર્ષને બદલે સમજૂતી પર તેમની અધિક શ્રદ્ધા હોય છે. અભિમાની માણસ આગળ માથું નમાવી, એને બીજી રીતે હરાવવાની એક પદ્ધતિ એમની પાસે છે. પ્રેમનો દ્રોહ કર્યા વગર, કારુણ્યનો સ્રોત સૂકવ્યા વિના સ્ત્રીઓ તેજસ્વિતા દાખવી શકે છે. ગાંધીજીની અહિંસક પ્રતિકારનો માર્ગ આ સ્વભાવ માટે અનુકૂળ હતો. ગાંધીજીનું હૃદય સ્ત્રી-હૃદય જ હતું. સ્ત્રીની શક્તિ-અશક્તિ ગાંધીજી જાણતા. એમની અશક્તિ દૂર કરી એમની શક્તિ મજબૂત કરવાનું કામ ગાંધીજીએ જેવું કર્યું તેવું, શ્રીકૃષ્ણન અપવાદ છોડીએ તો, બીજા કોઈ યુગપુરુષે કરેલું નથી.

## નિત્ય-નૂતન ગાંધીજી !

(અનુસંધાન પૃષ્ઠ ૯ થી ચાલુ)

સ્વતંત્ર થવાય. રાજ્યની ગુલામીનું કારણ પણ આખરે તો અપેક્ષાઓની ગુલામી જ છે. 'મારું ભલું રાજ્ય કરે' આ ખ્યાલ જ ગુલામી લાવે છે. એક વખત આંતરિક સ્વતંત્રતા આવશે એટલે બહારના બધા જ આધારો આપોઆપ ખરી જશે. વ્યક્તિ મુક્ત થઈ જશે. તેને જીવનનું સત્ય સમજાઈ જશે. તે પણ મોહનમાંથી મહાત્મા થવા તરફ આગળ વધશે.

આમ, ગાંધીજીના વિચારો નિત્ય નૂતન છે. તે દરેક સમસ્યાના મૂળમાં જાય છે. સમસ્યાનાં સત્યને સમજાવે છે. હા, તેમની ભાષા કદાચ પરંપરાગત છે. સંસ્કૃતિ કે ધર્મના શબ્દો છે. પણ તેને નવી પરિભાષામાં જોવામાં આવે તો તે વર્તમાન સંદર્ભમાં પણ સાચા લાગશે, સમયે સમયે પરિભાષા બદલતી રહે છે. એટલે જૂના વિચારોને સમજવા માટે તેમને નવી પરિભાષામાં ઢાળવા પડશે. ગાંધીજીના વિચારો સંદર્ભે પણ આમ જ કરવાનું રહે છે. તો આપોઆપ આ બધું ચિંતન એકદમ નવા સંદર્ભમાં ઝળહળી ઉઠશે અને તેનું સત્ય સમજાવા લાગશે. તે નિત્ય નૂતન લાગશે અને હરેક સમયે પ્રસ્તુત લાગશે.

(સાભાર-ગાંધી : સનાતન ક્રાંતિકારી)

# સત્યેશ્વર - મહાત્મા ગાંધી - ગુણદર્શન

- વસંત દવે
ડી-૨૦, જીવાભાઈ પાર્ક-૨
રિલાયન્સ પેટ્રોલપંપ સામે,
રિફાયનરી રોડ, ગોરવા,
વડોદરા-૩૯૦૦૧૬

"એનું જીવનકાર્ય અખંડ તપો
અમ વચ્ચે બાપુ અમર રહો"
એના જીવનમંત્ર સમો ચરખો
પ્રભુ ભારતમાં ફરતો જ રહો.
અમ જીવનમાં, અમ અંતરમાં,
એની ઉજ્જવલ જ્યોતિ જ્વલંત રહો"
અમ દેશના દૈન્ય'ને દુર્બળતા.
એની પાવક આત્મ જ્વાલા દહો
એનો સત્યનો સૂર્ય સદાય તપો.
અમ પાપ નિરાશાના મેલ દહો.
એના પ્રેમ અહિંસાના પૂર પ્રભો.
અમ ભારતના સહુ કલેશ વહો.
એણે જીવતાં રામ રદાય રહ્યા.
એ તો રામ વહીને વિદાય થયા.
લઘુ માનવમાં મહિમા ભરવા
નિજ લોહી અશેષ વહાવી ગયા.

ગાંધીજી માત્ર વિચારના માણસ નહોતા. એ આચારના માણસ હતાં. મન, વચન અને કર્મની એકતા એટલે ગાંધીજી. ગાંધીજી એટલે સરળ વાણીના આલેખક. શ્રદ્ધા સ્વતંત્રતા, ઈશ્વર, ભારત, અહિંસા, ધર્મ, સત્યાગ્રહ, સત્ય, અનેક વિષય પર એમની વહેતી વાણી છે. એમની વાણી શાબ્દિક અલંકારોમાં અટવાયેલી કે વિશેષણોમાં ઝડપાયેલી નથી. કવિશ્રી ઉમાશંકર જોષી ગાંધીજી વિશે બે પંક્તિમાં સાદગીપૂર્ણ લખે છે.

"મારું જીવન એ જ મારી વાણી,
બીજુ એ તો ઝાકળ પાણી."

ગાંધીજી એટલે 'બુધ્ધની કરુણા અને ઈસુના પ્રેમ, મહાવીરની અહિંસાનો સુભગ સમન્વય.'

ગાંધીજી અમારા રે 'ગુણંકેરી ગાંસડી રે...

સદ્‌ગુણ તણા એ ભંડાર રે... ગાંધીજી અમારા રે ગુણ કેરી...

"વૈષ્ણવજન" તો બનીયા રે, સત્યના ઉપાસકી,

અહિંસાના તેજના અવતાર રે... ગાંધીજી અમારા રે...

સ્વચ્છતાની ટેલ, જો ને નાંખી ગામને ગોંદરે...

અસ્પૃષ્યતા નિવારી, ભારો ભાર રે.... અમારા ગાંધીજી રે...,

'વૈષ્ણવજન' ભજર નરસૈયાએ લખ્યું હશે, ત્યારે જે મૂર્તિવંત દેહ રચાયો હશે તેનું અવતરણ ગાંધીજી રૂપે વર્તમાન 'સત્યયુગ' માં થયું. "ગાંધી ગુણ દર્શન" માત્ર વક્તવ્યનો વિષય નથી. આપણા આચરણનું પ્રથમ પગથિયું છે. આપણે જો સહજ, સરળ, થઈશું તો 'સ્વસ્થ' થઈશું. એ માટે, "પર દુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે."

અન્યના દુઃખ, દર્દ પીડાને પોતાના ગણી, તે દુઃખદર્દ દૂર કરવા તે "ગાંધી કર્મ" તામીલનાડું ના કોઈ ઝૂંપડામાં, "એકવસ્ત્રા" નારીની વેદના ગાંધીએ જાણી અને આજીવન 'પોતડી ભેર' જીવ્યા. એક તરફ ૧૦ % લોકોની પાસે ૯૦ % સંપત્તિ હોય, અને બીજી બાજુ

૯૦ % લોકો પાસે ૧૦ % સંપત્તિ હોય ત્યારે "રામરાજ્ય" કે કલ્યાણ રાજ્યની કલ્પના નિરર્થક છે. ગાંધીએ દલિતો, પિડીતો, શોષિતોના સમર્થનમાં પોતાનું જીવનઅર્પણ કર્યું. અસ્પૃષ્યતા નિવારણ અર્થે દક્ષિણ આફ્રિકામાં પૂર્વભૂમિકા સર્જાયી. ગાંધીજીએ 'ટોલ્સટ્રોય આશ્રમ ડર્બન' ખાતે જાતે જ "સ્વચ્છતા કર્મી બની સંડાસ સાફ કરવાની શરૂઆત કરી. કસ્તુરબાને પણ આ કાર્ય 'મને કમને' કરવા પણ સમજાવ્યા. આમ પોતાનું કાર્ય પોતે જ કરવું. 'સ્વાશ્રય' નો આ ગુણ આપણા જીવનમાં ઉતારીએ તો 'સ્વચ્છતા, સરળતા અને સ્વસ્થતા પ્રાપ્ત થાય.'

"સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે"

"નમે તે સહુને ગમે" શબ્દો સીધા, સાદા સરળ છે તેવું તેનું પાલન પણ 'સહજ', ગાંધીજીના જીવનકાર્યમાં વણાયું હતું. બ્રિટનના વડાપ્રધાન 'ચર્ચિલ' સાથેની 'ભારતની સ્વતંત્રતા' જેવા મહત્ત્વના સંવાદ વખતે પણ 'પોતડી ધારી' અર્ધનગ્ન ફકીર જેવા ગાંધીજી સહજતાથી નમ્રતાથી પોતાના વિચારો નિર્ભિકતાથી સ્પષ્ટ કરી શકતા. સાથે લઈ ગયેલ બકરીને દોહી તેનું દૂધ સાદા પાત્રમાં પી શકતા સામે પક્ષે ચાંદીના પાત્રો, સૂટબુટમાં સજ્જ પ્રતિભાઓ. છતાં ગાંધીજી નમ્રતાપૂર્વક વ્યંગોકિત કર્યા વિના સાદગીપૂર્ણ રીતે વડાપ્રધાનને સમજાવી શક્યા હતા.

પરધન નવ ઝાલે હાથ રે

સંપતિ પ્રાપ્તિ અર્થે વર્તમાનયુગમાં જ્યારે યેનકેન પ્રકારેણ વ્યવહારો થઈ રહ્યા છે ત્યારે ગાંધીજીએ પોતાના અંગત ધન કે નાણા, સંપત્તિ સાચવી ન હતી. એટલે સુધી કે કસ્તુરબા ના સ્ત્રીધન દાગીના પણ પરહિત કાજે વાપર્યા હતા. વડીલોપાર્જિત સંપત્તિમાંથી પણ પુત્રો રામલાલ, દેવદાસ, હરિલાલ, મણીલાલને ભાગ ન હોતો લેવા દીધો. એટલે સુધી કે ભારત પાકિસ્તાન સંપત્તિ વિતરણ વખતે પણ ૫૫ કરોડ રૂા. પાકિસ્તાનને અપાવી દીધા. આવા 'બાપુજી' ની મૂડી તો શું હોય સત્ય, કરુણા, અહિંસા જેવા સદ્ગુણો જ હોય ને !

જિહ્વા થકી અસત્ય ન બોલે !

સત્યનું સાક્ષાત સ્વરૂપ એટલે જ ગાંધીજી. બાળપણમાં ચોરી કરવી, બીડી પીવી, જેવા ગુણોમાંથી મુક્ત થવા પિતાજીને પત્ર (ચિઠ્ઠી) લખી. પ્રાયશ્ચિત પણ કર્યું. સત્યનાં આચરણની શરૂઆત હતી. તેઓ માનતા કે 'સત્ય નારાયણ' એ કોઈ શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલ ભગવાન નથી. પરંતુ સત્ય આચરણ જ, સાચું કાર્ય જ, 'સત્ય' નું સ્વરૂપ છે પોતાના વિચાર, વાણી કે વર્તનથી કોઈને દુભાવવાની નહીં તથા સચ્ચાઈથી જીવવું એટલે સત્યાચરણ.

'રામનામ શું તાલી રે લાગી'

રંભાબેન દ્વારા મળેલ 'રામનામ' થી જીવનમાં નિર્ભિકતા, નીડરતાના ગુણ સંવર્ધિત થયા. બાળપણનો ડરપોક 'મોહન' 'રામ'ના નામની નાવમાં બેસી ભવપાર તરી ગયો. ગાંધીજીના વિચારોમાં 'રામ' એ કોઈ દશરથ નંદન નહીં પરંતુ નિરાકાર, નિર્ગુણ, અનુભૂત, એવી અદશ્ય તાકાત કે જેનાથી સમગ્ર વિશ્વ સંચાલન થઈ રહ્યું છે. જે તત્ત્વ સનાતન, કાલાતિત છે તે તત્ત્વ પરમ તત્ત્વના શરણે જવું તે જ 'રામનામ' છે. તેથી જ અંતિમ સમયે 'હે રામ' ના શબ્દોથી 'મહાત્મા' 'પરમાત્મા' માં વિલીન થયા.

મોહ, માયા વ્યાપે નહીં જેને'

ગાંધીજી સામાજિક કે રાજકીય શાસન, સત્તાથી પર હતા. સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ 'ભારતીય કૉંગ્રેસ' ને વીખેરી નાંખવા સરદાર પટેલ, જવાહર લાલ નહેરુ તથા અન્ય નેતાઓને સખ્તપણે, વારંવાર સૂચના આપતા. સ્વતંત્રતા પછી પણ સત્તાથી અલગ જ રહ્યા. માયા તો બાપુજીના પડછાયાને પણ સ્પર્શી શકતી નહીં. આજીવન સગાસંપત્તિથી દૂર રહ્યા. પુત્ર, પત્ની પ્રત્યે પણ વૈરાગ્યની ભાવના. ૩૦ વર્ષની ઉંમરથી કસ્તુરબા


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ને 'બા' સંબોધનથી માયામુક્ત થઈ ગયા. પુત્રો પ્રત્યે ક્યાંય સિફારિસ કે અન્ય આર્થિક વ્યવસ્થાથી પણ મુક્ત. હા પુત્રો 'બાપુ' પ્રત્યે અસંતુષ્ટ તો રહેતા જ. પરંતુ ગાંધીજી ક્યારેય અંગત સ્વાર્થ માટે કે પુત્ર મોહ, પત્નીમોહમાં ચલિત થયા નહોતા.

ગાંધીજી 'કરકસર' જીવ હતા. બીનજરૂર નાણાં ખર્ચ બાબત ખૂબ જ સખ્ત રહેતા. પરબિડિયાના કવરને ખોલી અંદરની કોરા પેપર લેખનકાર્ય કરતા, બે ઈંચની પેન્સિલ માટે શોધ કરતા અચકાતા નહીં. વર્તમાન સમયમાં જ જે ચિકિત્સાઓ અપનાવાય તે દેશી ઉપચારો, ગાંધીજીના નિરામય જીવનના સફળ છે. કાળી માટી દ્વારા માથા પર કરાતો લેપ, 'મડ ટ્રીટમેન્ટ', સવારે ગરમ પાણીમાં મધ-લીંબુ પીવાનો ઉપચાર, 'Morning Walk', બકરીના દૂધનો ઉપયોગ, આ બધી જ 'નાની' પરંતુ અત્યંત મહત્ત્વની બાબતો આપણને 'મોહન' માંથી મહાત્મા કેમના બન્યા તેનું ઉદાહરણ છે.

ગાંધીજી અહિંસાના પૂજારી હતા. એમ આપણે જાણીએ છીએ. આ અહિંસા તેમની આત્મશક્તિ હતી. એક તરફ સશસ્ત્ર ક્રાંતિકારીઓ 'સ્વતંત્રતા ચળવળ'ને પોતાના દૃષ્ટિકોણથી આગળ ધપાવતા હતા. ત્યારે ગાંધીજી આ ક્રાંતિકારીઓને 'અહિંસા'ના શસ્ત્રની મહત્તા સમજાવતા. જો કે વર્તમાન સમયમાં પણ 'યુદ્ધ નહીં બુદ્ધ' ની જ આવશ્યકતા છે. વિશ્વના દેશો ભલે અધ્યતન શસ્ત્ર સજ્જ હોય, પરંતુ આખરે તો ગાંધીજીના પગલે જ વિશ્વનો જયકારો છે. હીરોસીમા, નાગાસાકી, અમેરિકાના ટ્વીન્સ ટાવર કે આતંકવાદી પ્રવૃત્તિઓ હિંસાત્મક સંદેશા ભલે ફેલાવે, પરંતુ આખરે તો

"બુદ્ધમ્ શરણ ગચ્છામિ,
સંઘમ્ શરણમ્ ગચ્છામિ,
ધર્મમ્ શરણમ્ ગચ્છામિ"

ગાંધીજી 'મહાત્મા ગાંધી' બનવા સુધીની પ્રેરક યાત્રામાં જોન રસ્કિન લિખિત 'Un to the Last' પુસ્તક, લિયો ટોલ્સટ્રોય અને શ્રીમદ રાજચંદ્રના પ્રભાવને ઈતિહાસકારો યોગ્ય રીતે જ બહાર લાવ્યા છે. પણ ખરેખર ગાંધીજીની નજરના આદર્શ, વિશ્વનાગરિક અને તેના થકી નિર્માણ પામતા વિશ્વના જે ખ્યાલો હતા, તેને ''વૈષ્ણવજન'' ભજનમાં નરસિંહ મહેતાએ વણી લીધા છે. બીજા પ્રેરણા લે કે ન લે પણ ગાંધીજીએ પોતે માનવમાંથી મહામાનવ બનવાના ગુણો તેમનામાં આત્મસાત કરી લીધા હતા. આ ભજનમાં માનવીના અપેક્ષિત ગુણ જોઈએ તો (૧) અનુકંપા (પરાયાની પીડા બદલ દુઃખ-કરુણા) (૨) આટલા મોટા ગજાના વિરાટ વ્યક્તિત્વ કે જેના એક એક અનુયાયીઓ, પોતે આગવા મહાનપુરુષો તરીકે ઈતિહાસમાં આદર પામ્યા છે તો પણ ગાંધીજીના મન-અભિમાનનો છાંટો ન હતો. (૩) વિશ્વ આખુ આ પોતડીધારીને નતમસ્તક વંદન કરતું હતું, છતાં તે વિશ્વના આમ આદમીમાં પણ ઈશ્વરના દર્શન કરતા હતા. (૪) તેઓએ તેમના દેશ-વિદેશના ટીકાકારો, વ્યંગકારો, ગોરાઓ અને તેમના પ્રખર તેજોદ્વેષી ચર્ચિલની પણ નિંદા નહોતી કરી. જીન્હાની પણ (૫) સમદ્રષ્ટિને પોતડી હોય પછી તૃષ્ણા તો શાની ? (૬) પરધન, પરસ્ત્રી, અસત્યની તો તેમની દ્રષ્ટિ હોવાની કલ્પના કરીએ તો પણ પાપ લાગે ? (૭) વૈરાગ્યની તેમની સ્થિતિ કોઈપણ હિમાલયના યોગીથી કમ ન હતી. તેમના સંતાનો અને ખુદ પત્ની કસ્તુરબા ની પણ એ ફરિયાદ રહેતી કે ગાંધીજી એ 'મોહ-માયા'નો ત્યાગ કર્યો હતો. (૮) ગાંધીજીના જીવનમાં 'રામનામ'નો પ્રભાવ હતો. (૯) મંદિરમાં જતા ન હતા, ગાંધીજીએ તીર્થયાત્રા પણ નથી કરી. ગાંધીજી "વૈષ્ણવજન" ને સૂક્ષ્મ અને સ્થૂળ તત્ત્વમાં ઘૂંટી દીધું તેમને વળી શું તીર્થ અને યાત્રા. (૧૦) ગાંધીજીએ

(અનુસંધાન પૃષ્ઠ ૨૫ ઉપર)

# આનંદરૂપ

- રવીન્દ્રનાથ ટાગોર
અનુ. શૈલેશ પારેખ

(રવીન્દ્રનાથની અગત્યની રચનાઓ, ગીતાંજલિ અને ગોરા ૧૯૧૦માં પ્રગટ થઈ હતી અને ડાકઘર ૧૯૧૨માં પ્રગટ થઈ ચૂકી હતી. હજી રવીન્દ્રનાથ વિશ્વકવિ ન હતા. ખરેખર તો તેમને બંગાળની બહાર ખાસ કોઈ જાણતું ન હતું. ૫૧ વર્ષના રવીન્દ્રનાથ, મે ૧૯૧૨ના અંતમાં કોલકાતાથી ટ્રેન દ્વારા યુરોપ જવા નીકળ્યા. એક રાત મુંબઈમાં વૉટ્સન્સ હોટેલ (હાલનું એસ્પ્લેનેડ મેન્શન)માં રોકાઈને સિટી ઑફ ગ્લાસગો નામના જહાજમાં તેમણે યુરોપ પ્રતિ પ્રયાણ કર્યું તે જહાજમાં ૨૯ મે અને ૭ જૂનની વચ્ચે તેમણે ૬ નિબંધ લખ્યા હતા. તે બધા જ નિબંધો પ્રવાસી, તત્ત્વબોધિની પત્રિકા, ભારતી જેવાં સામયિકોમાં પ્રગટ થયા હતા અને અંતે ૧૯૩૯માં 'પથેર સંચય' નામના પુસ્તકમાં ગ્રંથસ્થ કરાયા હતા. ૪ જૂન, ૧૯૧૨ના દિવસે લખાયેલા આનંદરૂપ નામના નિબંધના સંદર્ભમાં આ લેખ)

આજે સવારે જહાજના તૂટક ઉપર રેલિંગ પકડીને ઊભો હતો. આછા ભૂરા આકાશ અને ઘેરા ભૂરા સમુદ્રની વચ્ચે પશ્ચિમ દિશામાંથી ઠંડો અને હળવો પવન વાતો હતો. મારું મન કહેવા લાગ્યું, 'આ જ તો છે તારી પ્રસાદસુધાનો પ્રવાહ!'

આવી વાત મન હંમેશાં નથી કરતું. ઘણીવાર આપણે બાહ્ય સૌંદર્યને બહારથી જ જોઈએ છીએ - તેને આંખોથી જોવા છતાં તેને અંતરમાં ગ્રહણ કરી શકતા નથી. અમૃતફળને ચાખ્યા વિના તેની સુગંધ લેતા હોઈએ, તેમ જ.

પરંતુ જે દિવસે સૌંદર્ય અંતરાત્માને પ્રત્યક્ષ સ્પર્શ કરે તે દિવસે તેમાંથી અસીમ પ્રગટ થઈ ઊઠે છે. ત્યારે સમગ્ર મન એક ક્ષણમાં ગાઈ ઊઠે છે, 'ના, ના, આ માત્ર રંગ નથી, સુગંધ નથી આ તો અમૃત, આ તો તેના વિશ્વવ્યાપી પ્રસાદની ધારા!'

આકાશ અને સમુદ્રની વચ્ચે સવારના પ્રકાશમાં આ જે અનિર્વચનીય માધુરી સ્તરે સ્તરે, દિશે દિશામાં ફેલાય છે, તે ખરેખર ક્યાં છે? એ શું સમુદ્રમાં છે? એ શું પવનમાં છે? આવી સમજ બહારની વાત કોણ સમજાવી શકે?

એ જ તો આનંદ, એ જ તો પ્રસાદ. એ જ તો દેશ દેશે, વિવિધ સમયે, અગણ્ય પ્રાણીઓમાં પ્રાણ પૂરે છે, મન હરણ કરે છે — અને તેનો કોઈ અંત જ નથી! એના જ અમૃતસ્પર્શે કેટલાય કવિ કવિતા લખે છે, કેટલાય કલાકારો કલાનું સર્જન કરે છે, કેટલીય જનનીનાં હૃદય સ્નેહથી ભરાઈ જાય છે, કેટલાય પ્રેમીઓનાં ચિત્ત પ્રેમથી વ્યાકુળ થઈ જાય છે — સીમાની છાતી વીંધી આ અસીમનો અમૃત-ફુવારો કેટકેટલી લીલા કરતો કરતો અનેક લોકમાં ઊડતો-વહેતો ચાલે છે, તેનો અંત હું જોઈ નથી શકતો — તે તો આશ્ચર્ય છે, પરમ આશ્ચર્ય.

આ જ તો આનંદરૂપમમૃતમ્. અહીં રૂપ છેલ્લો શબ્દ નથી કે મૃત્યુ છેલ્લો અર્થ નથી. આ જ તો રૂપ થકી આનંદ, મૃત્યુ થકી અમૃત. જો રૂપમાં જ મન ફસાઈ જાય કે મૃત્યુ એટલે ચિંતાનો અંત માનવા લાગીએ તો જગતમાં જન્મગ્રહણ કરવાથી શું મેળવ્યું? વસ્તુને જોઈ, સત્યને ન જોયું!

મારે શું માત્ર આંખો ને કાન છે? સત્ય કે આનંદ નથી? જ્યારે પરિપૂર્ણ દૃષ્ટિથી જગતની દિશામાં જોવા ઈચ્છું અને ત્યારે જોઈ શકું મારી સામે આ જ તરંગિત સમુદ્ર આ જ પ્રવાહિત પવન, આ જ ફેલાયેલો પ્રકાશ — તે જ મારું સત્ય, તે જ મારો આનંદ. વસ્તુ નહીં, આ સમસ્ત આનંદ, સમસ્ત લીલા, આનો સમસ્ત અર્થ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

તેનામાં જ છે. તે શું દેખાડે છે કે કહે છે તે હું શું જાણું? આ આકાશવ્યાપી આનંદની સહસ્રલક્ષી ધારા જ્યાં એક મહાસ્રોતને મળીને પછી તેના હૃદય તરફ ફરે છે ત્યાં ક્ષણમાત્ર ઊભો રહી શકું એ જ સમસ્તનો મહાન અર્થ છે. એનું પરમ પરિણામ જોઈ શકવું! આ જે અચિન્ત્યનીય શક્તિ, આ જે અવર્ણનીય સૌન્દર્ય, આ જે અપરિસીમ સત્ય, આ જે અપરિમેય આનંદ – એને જો માત્ર માટી અને પાણી તરીકે જાણીએ તો તે કેટલી ભયાનક વ્યર્થતા કેટલો મહાન વિનાશ કહેવાય! ના, ના, એ જ તો તેનો પ્રસાદ, એ જ તો તેનો પ્રકાશ, એ જ તો મને સ્પર્શ કરે છે. મને બાંધી રાખે છે, મારા ચૈતન્યના તારે તારે સૂર વગાડે છે, મને સાચવે છે. મને જાગૃત રાખે છે. મારા મનને વિશ્વના અનેક ખરેથી સાદ પડે છે, મને પળે પળે યુગયુગાંતરે પરિપૂર્ણ કરે છે, અંત નથી, ક્યાંય અંત નથી, કેવળ વધારે ને વધારે ને વધારે; તે જ એક, કેવળ એક, તે જ આનંદમય, અમૃતમય એક! તે અતલ સ્કુલ, અખંડ, નિસ્તબ્ધ નિઃશબ્દ, સુગંધિત એક – પરંતુ કેટલા તેના તરંગો, કેટલી તેની તાનો!

પ્રાણ ભરી દો. તૃષા હરી લો
મને આપો આપો આપો વધુ પ્રાણ!
તવ ભુવને, તવ ભવને
મને આપો આપો આપો મારું સ્થાન!
પ્રકાશ, વધુ પ્રકાશ
મારા નયને, પ્રભુ, આંજો!
પૂરો સૂરે બંસી, પૂરો
તમે આપો આપો આપો તાન!
વધુ વેદના, વધુ વેદના,
મને આપો આપો આપો ચેતના!
દ્વાર તોડીને, અવરોધ ઓળંગીને
કરો મુક્ત મને, કરો મુક્ત મને!
વધુ પ્રેમે, વધુ પ્રેમે
મારો હું ડૂબી જાય નીચે!
સુધાધારે, તવ પ્રેમે
તમે આપો આપો આપો દાન!

(રાતા સમુદ્રમાંથી પસાર થતાં લખેલા આ ગીતની પ્રથમ પંક્તિના બંગાળી શબ્દો છે, પ્રાણ ભરિયે તૃષા હરિયે રવીન્દ્રનાથે તેને રાગ ખમાજમાં સ્વરબદ્ધ કર્યું છે અને ગીતિમાલ્યના ૨૮મા કાવ્ય તરીકે ગ્રંથસ્થ કર્યું છે. ગીતબિતાનના પૂજા-પ્રાર્થનામાં તેનો સમાવેશ થયો છે. રવીન્દ્રનાથે કરેલો અંગ્રેજી અનુવાદ, More life, my lord, yet more અંગ્રેજી ગીતાંજલિમાં સ્થાન પામ્યો ન હતો.)

---

## સત્યેશ્વર - મહાત્મા ગાંધી - ગુણદર્શન

(અનુસંધાન પૃષ્ઠ ૨૩ થી ચાલુ)

આઝાદીની અહિંસક લડતમાં ક્યારેય છળકપટનો સહારો નહોતો લીધો.

'સત્યાગ્રહ' ગાંધીજીનો પર્યાય ગણાય. કોઈપણ કાર્ય અહિંસક રીતે, સત્યના રસ્તે જ કરવું. અન્યાય, અત્યાચારનો સામનો હિંસાનો નહીં, પરંતુ ઉપવાસ, અનશન જેવા મૂક પ્રયોગોથી જ કરતા. દુશ્મન સાથે પણ અહિંસક રીતે અસહકારનો સાથ લઈ શત્રુને માત કરતા.

'મૌન' એક એવો રસ્તો છે જેના પર ચાલનાર વ્યક્તિ સહજ રીતે સત્ય, કરુણા, અહિંસા, અસ્તેયય, અપરિગ્રહ જેવા ગુણો વ્યક્તિને મળી આવે છે. તર્ક, દલીલ બધા જ શસ્ત્રો નકામા બની જાય છે. 'મૌન' સામે. ગાંધીજી ઉપવાસ તથા મૌન દ્વારા સામી વ્યક્તિને સહજ રીતે પોતાના કરી લેતા.

સત્ય સૌંદર્ય દર્શાવે પોતે સુંદરતા બની
સત્ય માધુર્ય જન્માવે મધુરી સંગીતા બની
થાય છે અન્ય નક્ષત્રો જેમ ઉજ્જવલ સૂર્યથી
પ્રકાશિત થતા તેમ અન્ય જીવન સત્યથી

- કવિ ડાહ્યાભાઈ પટેલ

# સરદારનાં સંભારણાં

- રવિશંકર મહારાજ

સન ૧૯૨૮માં બારડોલી તાલુકાની સત્યાગ્રહની લડત ચાલતી હતી ત્યારે સરકાર સરદારશ્રીને પકડી લેશે એવી વાતો ચાલતી હતી. ત્યારે સરદાર સાહેબ કહેતા કે, 'મારી રેખામાં જેલ નથી', પણ સન ૧૯૩૦ની લડત શરૂ થવાના ભણકારા વાગતા હતા અને ગાંધીજી દાંડી-કૂચ કરવાનો કાર્યક્રમ વિચારતા હતા ત્યારે સરકારને ગાંધીજી કરતાં સરદારને વહેલા પકડીને જેલમાં બેસાડી રાખવાનું યોગ્ય લાગ્યું; તેથી દાંડીકૂચની પહેલાં બોરસદ તાલુકાના રાસ ગામેથી તેમની ધરપકડ કરી, તે જ દિવસે બોરસદ કોર્ટમાં કેસ ચલાવી, ત્રણ માસની સજા કરી, સીધા મોટરમાં બેસાડી સાબરમતી જેલમાં પહોંચાડી દીધા.

તે વખતે જેલમાં રાજદ્વારી કેદીઓ માટે ખાસ વર્ગ કે સગવડ જેવું કાંઈ ન હતું, તેથી જેલતંત્ર તેના કાયદા મુજબ જ વર્તતું.

સાબરમતી જેલમાં વારંવાર ગુનાઓ કરીને આવતા લોકો માટે દસ ઓરડીઓ બાંધી છે. તેને ડબલીઆ ખોલી કહે છે. તેમાં વારંવાર ગુના કરીને આવતા કેદીઓને રાખવામાં આવે છે. તે ઓરડીઓમાંના બારણાં બંધ કરે ત્યારે ઉપર નાની સરખી જાળી હોય છે, તેમાંથી પ્રકાશ આવે. અને એક ઓરડીમાં તો એ જાળી પણ પથરાથી બંધ કરેલી.

એ ઓરડીમાં જ સરદારને પૂર્યા. દિવસમાં બે વખત ખાવા માટે અને શૌચ- દાતણ તથા નહાવા માટે તેમને બહાર કાઢતા. બાકી બધો વખત તેમને અંદર પૂરી બહાર તાળું મારતા.

સરદાર જેલમાં ગયા તે અગાઉ તેમણે બીડી તદ્દન છોડી નહોતી. તે ત્યાં છૂટી ગઈ અને ત્યારથી તે ગઈ તે ગઈ.

જેલ બહાર સરદાર સામાન્ય રીતે સાત વાગે ઊઠતા. જેલમાં તેમણે સવારે રોજ ચાર વાગે ઊઠવાનું શરૂ કર્યું. ઊઠીને શૌચ-દાતણ કરી તેઓ રેંટીઓ લેતા અને સવારથી સાંજ સુધી કાંત્યા જ કરતા. તેમને વાંચવાનો શોખ બહુ નહીં, પણ વિચારવાનો શોખ ઘણો; એટલે કાંતતાં કાંતતાં વિચાર ચાલુ રાખતા; એટલે અભ્યાસી રહ્યા.

સવારે અને સાંજે બંને વખત પ્રાર્થનામાં ભજનાવલિનાં ભજનો ગાતા, પોતે ક્યાં બેઠા છે, કોણ આવે છે, કોણ જાય છે, કોણ સાથે રહે છે અને ઓરડી કેવી છે, તેનોય વિચાર તેમણે કદી ન કર્યો.

તેમને જે ડબલીઆ ખોલીમાં રાખતા હતા, ત્યાં ભાવતું નામે એક વોર્ડર હતો. તે ખેડા જિલ્લાના આણંદ ગામનો હતો, અને સરદાર સાહેબને ઓળખતો હતો. સરદાર સાહેબને ખેડા જિલ્લામાં કોણ ન ઓળખે? તેને તેમના પ્રત્યે પૂજ્યભાવ પણ હતો. પહેલે દિવસે તે વોર્ડર સવારે દસ વાગ્યે ઓરડી ઉઘાડવા આવ્યો અને ઓરડી ઉઘાડી સરદારને નહાવા-ધોવા લઈ ગયો. પછી પાછા આવ્યા ત્યારે તેણે સરદાર માટે વીશીમાંથી રોટલો અને દાળ ભોજન માટે આવેલાં જોયાં. આ થાળી જોઈને ભાવતુની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં.

સરદારે પૂછ્યું, ''અલ્યા શું કામ રડે છે?''

ભાવતું કહે કે, ''સાહેબ, આપને માટે આ રોટલો? મને ઘઉંનું ભથ્થું મળે છે, તે આપ ખાવ, અને હું રોટલો દાળ લઈ જઉં છું!''

સરદાર કહે, ''ના-ના. હું તો ત્રણ મહિના રોટલા-દાળ વગર કાઢી શકું તેમ છું. તું ગભરાય છે શું કામ?'' અને એમ કહી તેમણે રોટલા અને દાળ ખાધાં.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ત્યાર પછી ત્રણ ચાર દિવસે મહાદેવભાઈ સરદારશ્રીની મુલાકાતે જેલ પર ગયા. તેમણે સરકારનું જડતંત્ર અને સરદારની હિંમત જોયાં અને પાછા ફરીને ગાંધીજીને વાત કરી. એમણે (ગાંધીજીએ) સરકારને લખ્યું, એટલે સરદાર સાહેબને ખાસ વર્ગમાં મૂકવામાં આવ્યા. ત્યારે પણ તેમનું રહેવાનું તો તે જ સ્થળે હતું, પણ હવે તેમને ફક્ત રાતે જ પૂરતા. બાકી આખો દિવસ તેઓ બહાર હરીફરી શકતા. હવે તે ઓસરીમાં બેસીને કાંતતા. ખોરાકમાં જે જોઈએ તે સરકારે હવે તેમને આપવા માંડ્યું.

તે વખતે સરદારને ખાવા માટે વાટકીમાં ઘી આવતું. તેમાંથી તે ખાવું હોય તેટલું ખાતા અને બાકીનું કેદીઓને વહેંચી દેતા અને વાટકો પાછો ખાલી જતો. એટલે સુપ્રિન્ટેન્ડન્ટને થયું કે, આ વાટકો ખાલી હોય છે તે ઘી ઓછું તો નહીં પડતું હોય ને? તેમણે સરદારશ્રીને પૂછ્યું કે, ‘‘આટલું ઘી બસ થાય છે કે વધારે મોકલું?’’ સરદારે જવાબ આપ્યો કે, ‘‘હું ખેડૂત છું. ખેડૂતનો દીકરો કદી કોઈની પાસે ખાવાનું માગતો હશે? તમારે આપવું હોય તેટલું આપજો.’’ એટલે સરકાર ઘી વધારે મોકલવા માંડ્યું.

થોડા દિવસ પછી અમે સાબરમતી પહોંચ્યા. અમને તેમનાથી અલગ રાખ્યા. સરદારે સુપ્રિન્ટેન્ડન્ટને કહ્યું કે તે બધાને અહીં રાખો. અમને કેદીઓને ત્યાં લઈ ગયા. પછી અમારી સંખ્યા વધતી ગઈ એટલે કલેક્ટર વગેરે જેલમાં આવ્યા અને અમને ક્યો વર્ગ આપવો, તેનો વિચાર કરવા લાગ્યા. સરદારે જેલના સત્તાવાળાઓને જણાવ્યું કે ‘‘અમારામાં અંદરોઅંદર ભેદભાવ હોઈ શકે નહીં, એટલે અમે બધા સાથે જ રહીશું અને સાથે જ ખાઈશું. તમારે જે વર્ગમાં રાખવા હોય તેમાં અમને રાખજો.’’

સરકારે વર્ગ પાડ્યા. સરદારને ‘એ’ વર્ગમાં અને અમને બધાને ‘બી’ વર્ગમાં મૂક્યા; પણ બધાને સાથે રહેવા દીધા. ત્યાં અમે સાથે રહેવા લાગ્યા એટલે ડબલીઆ ખોલી મટી જઈને તે ‘વલ્લભાશ્રમ’ બની ગયો. તે વખતે સરદારના વડીલપણા નીચે અમે બધા એક કુટુંબી છીએ એમ અમને લાગવા માંડ્યું, અને દેખાવમાં તેઓ કડક હોવા છતાં તેમના હૃદયમાં ભરેલા કોમળ ભાવોની નજીક રહેવાથી અનુભવ થયો.

અમે બધા ભેગા થયા ત્યારે પણ તેમનો નિત્યક્રમ અગાઉની જેમ ચાલુ હતો. તેઓ આખો દિવસ કાંતતા. સૂતર ઉતારવાનું બીજાને સોંપતા અને તાર ગણવાનું સૂચવતા; પણ કેટલું કંતાવ્યું છે તેની પરવા તેમણે કરી નહોતી. તે વીસ અંક ઉપરનું વળદાર અને સમાન સૂતર કાંતતા.

અમે બધા રસોઈ જાતે બનાવતા હતા. એક વખત મેં સરદારને કહ્યું, ‘‘અહીં જે તેલ મળે છે તે ઓછું પડે છે. તેથી રોટલી ચીવટ રહે છે.’’ તેમણે કંઈ જવાબ ન આપ્યો ને પોતાનું કામ તે કરતા રહ્યા. મને થયું કે, સરદારે મારી વાત ધ્યાનમાં લીધી નહીં. પણ તે દિવસે સુપ્રિ. અને જેલર વગેરે ફરવા આવ્યા એટલે તેમણે વાત કરતાં જેલરને કહ્યું કે ‘‘અહીં તેલ કેમ નથી આપતા?’’

જેલર કહે, ‘‘નથી મળતું ? હમણાં મોકલાવું.’’ સરદારે મને કહ્યું: ‘‘રવિશંકર, જા, આ જેલર સાથે, અને તેલ લઈ આવ.’’

સુપ્રિ. સરદાર સાથે વાતો કરતા ઊભા હતા, અને હું તેલ લેવા જેલર સાથે ગયો. મને પોણો શેર તેલ મળે તો પૂરું થઈ રહે એમ લાગતું હતું. હું ચંબુ લઈ ગયો હતો. તેમાં તો બશેર ઉપર તેલ સમાય તેમ હતું. બીજું કંઈ સાધન ન હતું. જેલરે સ્ટોરમાં જઈ ચંબુ ભરી આપ્યો અને અમે બન્ને પાછા આવ્યા.

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)

# બે દેવદૂત

- પ્રભુદાસ છ. ગાંધી

એક સી. એફ. એન્ડ્રૂઝ અને બીજા ડબલ્યુ. ડબલ્યુ. પિયર્સન. તેમની સ્ટીમરને મુંબઈથી ડરબન પહોંચતાં લગભગ મહિનો લાગ્યો. તેઓ ફીનિક્સ આવ્યા ત્યારે આખું ફીનિક્સ તેમના સ્વાગત માટે સ્ટેશને પહોંચ્યું. ટ્રેનમાંથી ઊતરતાંની સાથે એ બંને સાહેબોને આપણી જેમ બેય હાથ જોડી સૌને પ્રણામ કરતા જોઈને, તેમ જ અમ નાના વિદ્યાર્થીઓને માથે આશીર્વાદનો હાથ મૂકતા જોઈને, કોઈ અજાણ્યા મહેમાન આવ્યા છે એવો ખ્યાલ સરખો અમને ન રહ્યો. એ મોટે છે, ગોરા છે, એ પણ અમે ભૂલી ગયા. એમની પાસે ભરાઈને ન બેસવું, ચાલતાં ચાલતાં એમની જોડે અથડાઈ ન પડવું, અને એમને બાઝવું તો નહીં જ વગેરે ગોરા સાહેબ પ્રત્યે જાળવવાની આમન્યાનુંયે અમને ધ્યાન ન રહ્યું. ઘેર પહોંચતાં સુધીમાં તેઓ અમારા નિકટના સ્વજનો બની ગયા!

સાંજે પ્રાર્થનાનો સમય થતાં ફીનિક્સવાસીઓ એકઠા થયા એટલે મોટા મેજના કેન્દ્રમાં બેસી એન્ડ્રૂઝ સાહેબે અમને સૌને શાંતિવચન સંભળાવ્યાં :

"હું ગુરુદેવ પાસેથી આવું છું. એમના શાંતિનિકેતનની વાતો હું કહેવા બેસું તો ખૂટે નહીં. પણ અત્યારે તો હું ગુરુદેવનો સંદેશો જ તમને સંભળાવીશ." એમ કહી તેઓ ઊભા થયા, હાથ જોડ્યા અને આંખ અર્ધોન્મીલિત કરી ધીમે સ્વરે એમણે ઉદ્‌ઘોષ કર્યો :

सत्यं ज्ञानं अन्नतं ब्रह्मानन्दरूपम।

अमृतं यद्‌विभाति शान्तं शिवमद्वैतम्॥

[જે સત્ય અને જ્ઞાનમય, અંત વિનાનો, આનંદરૂપ બ્રહ્મ, અમૃતમય, શાંત, કલ્યાણમય અને અદ્વૈતરૂપ શોભી રહ્યો છે તેનું હું ધ્યાન ધરું છું.]

અને પછી એક આચાર્યની માફક અમને એ મંત્રનો અર્થ સમજાવ્યો. એક ગોરી – અંગ્રેજ પાદરી – પોતાના વિચિત્ર ઉચ્ચારો વડે સંસ્કૃત શ્લોક સંભળાવે એ અમારે માટે અકલ્પ્ય હતું. શ્લોક બોલવા માટે હોઠને તાણી તાણીને તથા દાબીને એમને બોલવું પડતું હતું. એ જોઈને હસવું આવી જતું હતું. પણ એમની ગંભીર ધ્યાનસ્થ મુદ્રા અને એમની શાંત વાણી અમારા અંતરમાં અનેરું જોમ પૂરી રહી હતી.

એન્ડ્રૂઝ સાહેબ ફીનિક્સમાં બેચાર દિવસ રોકાયા તેટલા વખતમાં તેમણે અમારા ઉપર એવી જાદુઈ અસર કરી જે જિંદગીભર ન ભૂલાય. ગુરુદેવનો દીક્ષામંત્ર અમને સંભળાવ્યા પછી તેમણે સત્યાગ્રહના મર્મનો મહિમાયે સંભળાવ્યો હતો. તેમને બાપુજી સાથે તુરત જ જનરલ સ્મટ્સ પાસે પ્રિટોરિયા જવાનું થયું. તે પછી દક્ષિણ આફ્રિકાનાં મોટાં મોટાં શહેરોમાં એમને ઘૂમવું પડ્યું, અને ત્યાંના ગોરાઓની સભાઓમાં એમણે હિંદીઓને ન્યાય આપવા અંગે પ્રભાવશાળી પ્રવચનો કર્યાં.

એન્ડ્રૂઝ સાહેબનાં જે સર્વપ્રથમ દર્શન ફીનિક્સમાં મળ્યાં હતાં એ ભવ્યતા વીસરાય એવી નથી. લંબગોળ સ્વચ્છ ચહેરો, મરકતા હોઠ, ચમકતું કપાળ અને મધુર વાણી વડે તેઓ સાક્ષાત્ દેવ સમા દેખાતા હતા. એમની એ દૈવી મૂર્તિ અને ઊછળતું માધુર્ય દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનું સમાધાન કરવામાં મૂલ્યવાન બળ સિદ્ધ થયું.

મિ. પિયર્સનને જો ભગવાને લાંબું આયુષ્ય આપ્યું હોત, તો જેમ એન્ડ્રૂઝ સાહેબ દીનબંધુ તરીકે ભારતવાસીઓની જીભને ટેરવે રમી રહ્યા તેમ પિયર્સન સાહેબ પણ જરૂર 'દેવદૂત' તરીકે પ્રખ્યાત થઈ જાત.

પણ દુર્ભાગ્યે તેઓ એન્ડ્રૂઝ સાહેબ કરતાં વીસેક વર્ષ ઓછું જીવ્યા.

મિ. પિયર્સનનું વ્યક્તિત્વ અદ્‌ભૂત હતું, પરોઢથી રાત પડતાં સુધી પોતે બાળકોના ઘેરા વચ્ચે જ વસતા. બાળકોથીયે વધુ બાળક જેવો અને નિર્દોષ વર્તાવ તેમનો સદા રહેતો. તેઓ ફીનિક્સમાં આઠદસ દિવસ જેટલું રહ્યા, પણ એટલો વખત અમને એક જ દિવસ જેટલો ટૂંકો જણાયો. એમની એકેએક ગમ્મત, વિનોદ કે સ્મિતમાં ક્યાંયે છીછરાપણું ન દેખાયું. એમની પાસેથી અમને નવું નવું જાણવા- શીખવાનો આનંદ મળ્યો.

ફીનિક્સમાં પિયર્સન સાહેબ રહ્યા તેટલા વખતમાં તેમણે આસપાસની અનેક દિશાઓએ એકલા એકલા કેટલીયે પગપાળા યાત્રા કરી અને ગિરમીટિયા હિંદીઓના જીવનનું ઝીણવટથી વિવરણ સંગ્રહ્યું. દક્ષિણ આફ્રિકાના ગોરાઓને હિંદીઓનો આદર કરવાનું પ્રશિક્ષણ દેવદૂતની એ યુગલ જોડીએ પોતાના ઉદાત્ત આચરણ વડે આપ્યું.

પ્રિટોરિયામાં એન્ડ્રૂઝ સાહેબ સમક્ષ સ્મટ્સ સાહેબ અને બાપુજી વચ્ચે કાચી સમાધાની થઈ અને એન્ડ્રૂઝ સાહેબનું દક્ષિણ આફ્રિકામાં થોડુંઘણું પરિભ્રમણ થયું, એટલામાં એમની (એન્ડ્રૂઝ સાહેબની) માતાના સ્વર્ગવાસના સમાચાર આપતો તાર વિલાયતથી આવ્યો. ગણ્યાગાંઠ્યા દિવસોમાં તેઓ અમારા હૃદય પોતાની મૂઠીમાં લઈ વિલાયત સિધાવ્યા.

(સાભાર : જીવનનું પરોઢ)

---

# સરદારનાં સંભારણાં

**(અનુસંધાન પૃષ્ઠ ૨૭ થી ચાલુ)**

સરદારે એ જોયું અને જેલરને પૂછ્યું કે "આ એક વખતનું આપ્યું કે બંને વખતનું? અત્યારે જ બે વખતનું ભેગું આપ્યું હોત તો?"

જેલર કહે : "હું સાંજે ફરીથી આપીશ. આ તો અત્યાર પૂરતું જ છે."

વળી, અમને પાઉં રોટી મળતી તે જરૂર કરતાં વધારે મળતી, એટલે તે વધી પડતી. ત્યારે તેઓ મને કહે કે, "તારા જજમાનો અહીં નથી? તેમને આપી દે."

આમ, સરદાર ગુનેગાર કેદીઓને પણ ભૂલતા નહીં.

થોડા વખત પછી એક સાંજે અમે પ્રાર્થના કરતા હતા ત્યારે સુપ્રિ. આવ્યા અને પાંત્રીસ નામોની યાદી વાંચી, અમને કહ્યું કે, "આ ભાઈઓની જેલબદલી થવાની છે, માટે દસ મિનિટમાં તૈયાર થઈ જાઓ."

અમે બધા પ્રાર્થના પછી તૈયાર થયા. ત્યારે સરદારને ખૂબ લાગી આવ્યું. તેમના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી ગયા કે, આજે તમે મારો માળો વીંખી નાખ્યો! જતી વખતે અમને કહ્યું કે "મરદાઈથી રહેજો."

સરદાર અને એમનું વાક્ય જેલમાં રહ્યાં ત્યાં સુધી અમારા બધાના હૃદયમાં કોતરાયેલાં રહ્યાં.

- શ્રીજીવન-માસિક, અમદાવાદ (સરદાર જન્મશતાબ્દી અંક, જુલાઈ-૧૯૭૫)

(સાભાર : મૈત્રિ મિલાપ સપ્ટે.૨૩)

# બોલવાની જરૂર ન પડી

- ગુલામ રસૂલ કુરેશી

ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર સાહેબના જીવનનો આ પ્રસંગ છે. તે કાળે જેરુસલેમમાં ખ્રિસ્તી આરબો વસતા હતા. તેમના તરફથી ખલીફા સાહેબને ત્યાં આવી ઈસ્લામનો પયગામ સુણાવવાનું આમંત્રણ મળ્યું. હઝરત સાહેબ ઊંટ અને એના રખેવાળને લઈને જેરુસલેમ જવા નીકળ્યા.

સામાન્ય રીતે ઊંટ પર બે જણ સવારી કરી શકે. પણ હઝરત સાહેબના દિલમાં થયું કે, આટલી લાંબી મુસાફરી છે, બે માણસનો બોજો આ બિચારા મૂંગા પ્રાણી પાસે શા માટે ખેંચાવવો ? મનુષ્ય તો શું, મૂંગાં પ્રાણીઓ પ્રત્યે પણ દયા વરસાવવાનું ઈસ્લામ જગતને કહે છે; તો મારે તો એનો અમલ કરવો જ જોઈએ ને!

આગળ રખેવાળ દોરી લઈને ચાલતો હતો. હઝરત સાહેબ ઊંટ પર બેસી જઈ રહ્યા હતા. અચાનક એમના દિલમાં થયું: હું ય માણસ છું, આ રક્ષક પણ માણસ છે. ખુદાએ મને પણ બે પગ આપ્યા છે, એને પણ બે પગ આપ્યા છે. અલ્લાના દરબારમાં ઊંટના રક્ષકનો કે ખલીફાનો ભેદ નથી. ત્યાં સૌની કરણી બોલે છે. કયામતને દિવસે અહીં આચરેલી ભલાઈ જ કામ આવે છે.

"રખેવાળ!"

"જી."

"જો, આપણે ઘણી લાંબી મજલ કાપવાની છે. આપણે બે જણ આ મૂંગા પ્રાણી ઉપર ચઢી બેસીએ એ તો બરાબર લાગતું નથી; તેમ તું એકલો જ ચાલે ને હું ઊંટ પર બેસી રહું, એ પણ ન્યાયી લાગતું નથી. ઈસ્લામ સર્વ માનવની સમાનતામાં માને છે. માટે એમ કરઃ એક મંજિલ તું ઉપર બેસ ને એક મંજિલ હું બેસું."

"અરે, હઝરત સાહેબ! આપ આ શું કહો છો ? હું તો આપનો રખેવાળ છું. ઊંટની નકીર ઝાલીને ચાલવું ને આપને જેરુસલેમ પહોંચાડવા, એ મારી ફરજ છે." રક્ષકે કહ્યું.

"તારી વાત સાચી છે. પણ તને ખબર છે ? ઈસ્લામમાં એવા ભેદ નથી; સૌ સરખા છે. માટે તું ઉપર આવી જા. હું એક મંજિલ સુધી ઊંટની નકીર લઈને આગળ ચાલું." ખલીફાએ કહ્યું.

"હઝરત સાહેબ! આપ આ શું કહો છો? શું હું ઉપર બેસું ? ને આપ ઊંટની નકીર ઝાલી આગળ આગળ ચાલો એ કેમ બને?"

"કેમ?"

"ક્યાં આપને ક્યાં હું ? આપ સારી યે મુસ્લિમ આલમના ખલીફા છો; હું તો ઊંટોનો એક મામૂલી રક્ષક છું."

"પણ ઈસ્લામ જ મને કહે છે કે ન્યાયનો અમલ કર. ન્યાય કહે છે આ દુન્યવી ભેદો સાચા નથી. આખરે તો આપણે સૌ એ જ ખુદાતાલાની ઔલાદ છીએ. સૌ સરખાં છે."

"પણ મારાથી તો ઉપર બેસી જ કેમ શકાય ?" રક્ષકે કહ્યું.

"ના શા માટે બેસાય ? હું તને કહું છું. શું ન્યાયનો અમલ કરવામાંથી તું મને પાછો વાળીશ ? શું તું મને ન્યાયનો માર્ગ ભૂલાવીશ?"

"હઝરત સાહેબ! આપની મોટી મોટી વાતો મને જરાય સમજાતી નથી. હું તો આપના જૂતાની રજ બરાબર પણ નથી. મને શા માટે આપ શરમાવો છો?"

"હું શરમાવતો નથી. મારી ફરજ અદા કરું છું. તું ઉપર બેસી જા. વારા મુજબ બીજી મંજિલે હું સવાર થઈશ, ને તું આગળ ચાલજે."

સંકોચાતે હૃદયે રક્ષક ઉપર બેઠો. એને મન તો માલિકની આજ્ઞા જ સર્વસ્વ હતી. એણે વિચાર્યું, એમાં પણ કાંઈક હેતુ હશે. આવા મહાન પુરુષ વિચાર્યા વગર કશું ન કરે, એમ વિચારી મન વાળ્યું.

યાત્રાની મંજિલો એક પછી એક કપાવા લાગી. વારાફરતી હઝરત ઉમર ને રક્ષક ઊંટ ઉપર સવાર થવા લાગ્યા. જેરુસલેમનાં મકાનો દેખાવા લાગ્યાં. હવે છેલ્લી મંજિલ હતી. ખુદાનું કરવું ને ત્યાં આગળ જ રક્ષકનો ઉપર બેસવાનો વારો આવ્યો. રક્ષક તો શહેર નજીક ભાળી આગળ ચાલતો જતો હતો, ત્યાં જ ખલીફાએ તેને રોક્યો:

"ઊભો રહે"

"શું છે?"

"કેમ ભૂલી જાય છે?"

"શું?"

"આપણે નક્કી કર્યું હતું તે. અહીં મંજિલ પૂરી થઈ છે, મારે નીચે ઊતરી જવાનું છે, ને તારે ઉપર બેસવાનું છે."

"પણ હવે તો શહેર આવી લાગ્યું."

"તેથી શું?"

"આપ મને શા માટે શરમાવો છો? જેરુસલેમના આરબો શું માનશે?"

"ભલે એમને જે માનવું હોય તે માને!"

"પણ હું ઉપર બેસું, ને આપ મારા ઊંટને દોરો એ તો કેમ સહાય..."

"ભલામાણસ? શું ઊંટની નકીર ખેંચવી એ હલકું કામ છે? આપણે બંનેએ સાથે યાત્રા કરી છે. આપણે નક્કી કર્યા મુજબ મારો હવે ચાલવાનો વારો આવ્યો છે. લોકો મને પગે ચાલતો જોશે તેથી શું? મારે મારી ફરજ ચૂકવી? શું ન્યાય ને સચ્ચાઈને જતી કરવી?"

વળી પાછો રક્ષક લાચાર બની ઉપર બેઠો. હઝરત સાહેબ ઊંટની નકીર પકડી ખુદાની બંદગી કરતા કરતા આગળ ચાલવા લાગ્યા.

બીજી બાજુએ હઝરત ઉમરના સ્વાગતમાં આરબોએ ભવ્ય તૈયારી કરી હતી. મોટી મોટી કમાનો ઊભી કરી હતી. આખું શહેર એમને જોવાને, એમને મુખેથી ઈસ્લામની વાણી સાંભળવાને અધીરું બન્યું હતું. જેરુસલેમમાં તેમનો આ પહેલો જ પ્રવાસ હતો.

શહેર આવી પહોંચ્યું. શરૂઆતમાં તો લોકોએ રક્ષકને જ ખલીફા માની લીધા. પણ થોડી જ વારમાં લોકો ઓળખી ગયા. રક્ષકના ઊંટની નકીર પકડી આગળ ચાલતા ઈસ્લામના બીજા ખલીફાને જોઈ તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. આંખો આનંદ ને ભક્તિનાં આંસુથી છલકાઈ ગઈ.

સાંજે લોકોને આખા યે પ્રસંગની ખબર પડી. પછી તો શું જોઈએ? આખા યે શહેરે ઈસ્લામનો અંગીકાર કર્યો: જે ધર્મના મહાપુરુષના જીવનમાં આવી સચ્ચાઈ હોય, આવો ન્યાય હોય, મૂંગા પ્રાણીઓ પ્રત્યે આવી સહાનુભૂતિ હોય, તે ધર્મ કેવો મહાન હશે....

હઝરત સાહેબને કશું જ બોલવાની જરૂર ન પડી.

(સાભાર: આપણી ધાર્મિકતા)

# આ અધિક માસ - શા માટે, શી રીતે

- શ્રી સી.એમ. નાગરાણી
સંપાદન સહાયઃ શ્રી રાજેન્દ્ર દવે

ભારતીય હિન્દુ પંચાંગ (કેલેન્ડર)- વિક્રમ સંવત અને શાલિવાહન સંવત બન્ને- ની એક ખાસિયત તેમાં આવતાં અધિક તથા ક્ષય માસ છે. ઉદાહરણ રૂપે, આ વર્ષે, એટલે કે વિક્રમ સંવત ૨૦૭૯ માં બે શ્રાવણ માસ હતાં. અર્થાત્, વિક્રમ સંવત ૨૦૭૯ માં કુલ બાર નહિ, પરંતુ તેર મહિના હશે. ૧૮ જુલાઈ થી ૧૬ ઑગસ્ટ સુધી પ્રથમ શ્રાવણ માસ અને ૧૭ ઑગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી બીજો શ્રાવણ. પહેલા શ્રાવણ માસને અધિક શ્રાવણ માસ અને બીજા શ્રાવણ માસને નીજ શ્રાવણ માસ તરીકે ઓળખવામાં આવ્યો. એક વિક્રમ સંવતમાં બારને બદલે તેર મહિના હોય એવું લગભગ દર ત્રણ વર્ષે થતું હોય છે. ઉપરાંત કયો મહિનો બેવડાય, એ પંચાંગની તાર્કિક ગણતરી મુજબ બદલાતો રહે છે. તો ચાલો, આપણે વિક્રમ સંવતનું કેલેન્ડર કેવી રીતે કામ કરે છે, અને એમાં અધિક માસ શા માટે અને શી રીતે ઉમેરવામાં આવે છે જોઈએ.

પંચાંગમાં સમયનો હિસાબ રાખવા માટે આપણી પાસે ત્રણ નૈસર્ગિક માપદંડ છે- પૃથ્વીનું પોતાની ધરી પર દૈનિક ભ્રમણ, ચંદ્રની પૃથ્વીની આસપાસ માસિક પ્રદક્ષિણા, અને પૃથ્વીની સૂર્યની આસપાસ વાર્ષિક પ્રદક્ષિણા. પૃથ્વીને પોતાની ધરી પર એક આંટો મારતા જે સમય લાગે, અને જેને લીધે દિવસ ને રાત્રી થાય, એ એક માપ, જેને આપણે ૨૪ કલાકમાં વિભાજીત કરી નાના એકમો બનાવીએ છીએ. ચંદ્રની પૃથ્વીને ફરતી પ્રદક્ષિણાની વાત કરીએ, તો દૂરના તારાની સાપેક્ષમાં જોતાં, ચંદ્રને પૃથ્વીની પ્રદક્ષિણા કરતા આશરે ૨૭ દિવસ લાગે છે- ચંદ્રની ૨૭ પત્ની રૂપી ૨૭ નક્ષત્ર, દરેક સાથે એક દિવસ! પરંતુ આ ૨૭ દિવસ દરમિયાન આપણે આગળ જોઈશું એ પ્રમાણે સૂર્ય પોતે થોડો ખસી જાય તેથી એનો પીછો કરી પકડી પાડવામાં બીજાં બે-એક દિવસ નીકળી જાય. આ રીતે અમાસ પછીના દિવસથી શરૂ કરી બીજી અમાસ સુધીના ૨૯.૫૩૦૫૮૮ (આશરે ૨૯.૫) દિવસના સમયગાળાનો એક ચંદ્ર-માસ બને છે. છેલ્લે, પૃથ્વીની સૂર્ય આસપાસની પ્રદક્ષિણાને કારણે બે વસંત-સંપાત વચ્ચે સૂર્ય ૩૬૫.૨૪૨૨ (આશરે ૩૬૫.૨૫) દિવસમાં પોતાના પથ ક્રાંતિવૃત્ત પર એક -પરિભ્રમણ પૂરું કરતો દેખાય છે. સૂર્યનાં આ (આભાસી) પરિભ્રમણના સમય-ગાળાને સૂર્ય-વર્ષ (tropical year- ટ્રોપીકલ ઈયર) કહેવાય. (સૂર્ય-વર્ષની એક બીજી, થોડી અલગ વ્યાખ્યા પણ છે, પરંતુ આપણી આ ચર્ચા માટે આ તફાવત મહત્વનો નથી). પૃથ્વીનાં ઋતુ-ચક્રનું કારણ પણ એની સૂર્યને ફરતી પ્રદક્ષિણા અને એના દૈનિક ભ્રમણની ધરીનો ક્રાંતિવૃત્તના સમતલ સાથેનો ઝુકાવની સહિયારી અસર હોવાથી સૂર્ય-વર્ષ અને ઋતુ-ચક્ર વચ્ચે નૈસર્ગિક તાલમેલ છે. તેથી પૃથ્વીની ઋતુઓ હંમેશા સૂર્ય-વર્ષને અનુસરે છે. આ ચર્ચા પરથી બે તારણ કાઢી શકાય. એક, દરેક સૂર્ય-વર્ષમાં બાર ચંદ્ર-માસ સમાઈ જાય ત્યાર બાદ પણ થોડાં દિવસ બાકી રહે, બીજું, એક ચંદ્ર-માસમાં સૂર્ય ક્રાન્તિવૃત્તના બારમા ભાગ- જેને આપણે બાર રાશિ તરીકે ઓળખીએ છીએ- એનાથી થોડું ઓછુ ખસે છે.

ઉપરના ત્રણે એકમો એકબીજાથી અસંગત છે. તેમને એક દિવસના ગુણોતરમાં ગોઠવી શકાય નહિ, એટલે પંચાંગમાં આપણે ચંદ્રના બાર મહિનાને એક વર્ષ ગણીને ચાલવું પડે, અથવા પૃથ્વીની એક પ્રદક્ષિણાને એક વર્ષ ગણીને ચાલવું પડે. પરંતુ આ બન્ને રીતમાં કેટલીક મુશ્કેલીઓ આવી જાય. જેમ કે, સૂર્યને પ્રમાણ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ગણીને ચાલીએ તો મહિનો ક્યારથી શરૂ કરવો અને આકાશમાં એક નજર કરીને જ આજે કઇ તિથિ (તારીખ) હશે એ જાણી શકાય નહિ. એજ રીતે, બાર ચંદ્ર-માસને એક પ્રમાણ ગણીએ તો ઋતુઓ સાથે એની સંવાદિતા ન રહે.

આપણે જે ગ્રીગોરિયન (Gregorian) કેલેન્ડર રોજ-બ-રોજના ઉપયોગમાં લઈએ છીએ, એ સંપૂર્ણપણે પૃથ્વીની સૂર્ય ફરતી પ્રદક્ષિણા પર આધારિત છે. એક વસંતસંપાતથી બીજા વસંતસંપાત સુધીના સમયગાળાને એક વર્ષ ગણવામાં આવે છે, એથી આ ગાળો હંમેશા ઋતુઓની સાથે તાલબધ્ધ રહે છે, પરંતુ મહિનો નક્કી કરવા માટે એમાં કોઈ પ્રમાણ રહેતું નથી. તેથી વર્ષના ૩૬૫ દિવસને અતાર્કિક રીતે બાર મહિનામાં વહેંચી દેવામાં આવ્યા છે, મહિનાની વ્યાખ્યા માટે કોઈ ખાસ આધાર નથી. (ખરેખર તો સૂર્યની પ્રદક્ષિણા કરતા પૃથ્વીને ૩૬૫.૨૪૨૨ દિવસ લાગે છે, તેથી જ લાંબાગાળા સુધી ઋતુ સાથેનું સાયુજ્ય બની રહે તે માટે "લીપ" વર્ષની પ્રણાલી બનાવવામાં આવી છે.)

બીજો વિકલ્પ ચંદ્રની પૃથ્વી ફરતે પ્રદક્ષિણા અને ચંદ્રની કળાઓ પરથી કાળની ગણતરીનો છે. અમાસ પછીના દિવસે, જ્યારે દાતરડા જેવું ચંદ્રનું બિંબ દેખાય એને મહિનાનો પ્રથમ દિવસ (પ્રતિપદા, અથવા એકમ, પડવો) ગણીએ, તો તે પછી પૂનમ સુધી, આશરે એક પખવાડિયા માટે ચંદ્રનું બિંબ (કળા) મોટું થતું જાય અને પૂનમને દિવસે પૂર્ણચંદ્ર દેખાય. એ પછી દિવસો-દિવસ ચંદ્રની કળા ઓછી થતી જાય અને બીજા એક પખવાડિયા બાદ અમાસને દિવસે, જ્યારે આકાશમાં ચંદ્ર દેખાય જ નહિ, ત્યારે મહિનો પૂરો થાય. પહેલાં પખવાડિયાને શુક્લપક્ષ - સફેદ અથવા ઉજળો ભાગ, અજવાળિયું કે સુદ- કહેવાય છે અને બીજા પખવાડિયાને કૃષ્ણપક્ષ - કાળો ભાગ અથવા અંધારિયું કે વદ - કહેવામાં આવે છે. આમ શુક્લપક્ષની પ્રતિપ્રદાથી અમાસ સુધીની અવધિને એક મહિનો ગણીએ એને ચંદ્ર-માસ કહેવામાં આવે છે. આવા બાર મહિના ગણીને એક વર્ષ ગણવામાં આવે તો વર્ષના આશરે ૩૫૪ દિવસ થાય. પરંતુ આ રીતે વર્ષ ગણવામાં આવે તો તેનો આશરે ૩૬૫ દિવસના ઋતુ-ચક્ર સાથે સુમેળ ન રહે. કારણ કે વર્ષની શરૂઆત દર વર્ષે લગભગ ૧૧ દિવસ વહેલી શરૂ થઈ જાય. આપણા તહેવારોની પણ ઋતુઓ સાથેની સંલગ્નતા ન રહે. અને દિવાળી ઉનાળા, ચોમાસા કે શિયાળામાં એમ કોઇ પણ ઋતુમાં આવતી રહે. ઇસ્લામનું હિજરી સંવત આ રીતે માત્ર ચંદ્રની કળાઓ પર આધારિત છે. તેથી જ ઈદ, મહોરમ વગેરે તહેવારોની ઋતુઓ બદલાતી રહે છે.

ભારતીય હિન્દુ કેલેન્ડર આ બન્ને સ્થિતિઓને જોડવાનો એક સફળ પ્રયત્ન છે, જેમાં મહિનાઓ ચંદ્ર પર આધારિત છે, જ્યારે લાંબેગાળે વર્ષ ઋતુઓ સાથે જોડાઈ રહે એવી રચના કરવામાં આવી છે. આપણે જોયું તે પ્રમાણે ઋતુઓ અને વર્ષ વચ્ચેની તાલબધ્ધતા જળવાઈ રહે એ માટે દર વર્ષે ૧૧ દિવસ જોડવા પડે. એટલે કે આશરે ત્રણ વર્ષે એક મહિનો જોડવો પડે. વધારે ચોકસાઈ માટે સૂર્ય-વર્ષ અને ચંદ્ર-માસ વચ્ચે લઘુતમ સાધારણ અવયવી જેવી ગણતરી જરૂરી છે. ૩૬૫.૨૪૨૨ દિવસનું એક એવા ૧૯ સૂર્ય-વર્ષ ના ૬૯૩૯.૬૦૧૮ દિવસ થાય, જ્યારે ૨૯.૫૩૦૮૮ દિવસનો એક એવા ૨૩૫ ચંદ્ર-માસના (૧૯ વર્ષ અને ૭ મહિના) ૬૯૩૯.૬૮૮૧ દિવસ થાય, બેઉ વચ્ચે માત્ર ૦.૦૮૬૩ દિવસનો- ૨ કલાકથી થોડો વધારે- તફાવત રહે. આ ગણતરી પ્રમાણે ૧૯ સૂર્ય-વર્ષ બરાબર ચંદ્ર-વર્ષના ૧૯ વર્ષ અને ૭ મહિના થાય. માટે, ૧૯ ચંદ્ર-વર્ષમાં ૭ મહિના ઉમેરવાથી એનું સાયુજ્ય સૂર્ય-વર્ષ સાથે, અને એ રીતે ઋતુઓ સાથે જળવાઈ રહે.

આપણે આગળ જોયું તે પ્રમાણે, પૃથ્વી પરથી જોતાં સામાન્ય રીતે દર ચંદ્ર-મહિને સૂર્ય એક રાશિ બદલે

છે. સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય એ ઘટનાને સૂર્યનું રાશિ-સંક્રમણ કહેવામાં આવે છે. સ્વાભાવિક છે કે ક્રાંતિવૃત્તના બારમા ભાગ સમાન એક રાશિને પાર કરવામાં સૂર્યને ૨૯.૫ દિવસના ચંદ્ર-માસ કરતા વધુ સમય લાગે અને એથી, દરેક માસમાં રાશિ-સંક્રમણ મોડું થતું જાય. ઉપરાંત, સૂર્યને ફરતી પૃથ્વીની કક્ષા લંબગોળ છે, તેથી બે રાશિ-સંક્રમણ વચ્ચેનો સમય-ગાળો અચળ નથી. જ્યારે પૃથ્વી સૂર્યથી દૂર હોય ત્યારે કેપ્લરના બીજા નિયમ અનુસાર કક્ષામાં તેની ઝડપ ઘટી જાય, પરિણામે બે સંક્રમણ વચ્ચેનો સમય વધી જાય. તેથી સમયાંતરે એવું બને કે આકાશમાં સૂર્યની ઝડપ ઓછી હોય, અને રાશિ-સંક્રમણ એક ચંદ્ર-માસના અંતમાં થાય. આવી સ્થિતિમાં તે પછીના માસમાં રાશિ-સંક્રમણ થાય જ નહિ. જે મહિનામાં સૂર્યનું રાશિ-સંક્રમણ ન થાય, એ મહિનાને વર્ષનો, અધિક (વધારાનો) માસ, ગણવામાં આવે છે. હિન્દુ ધર્મમાં અધિકમાસ પુરુષોત્તમમાસ તરીકે પણ ઓળખાય છે. જે ચંદ્ર-વર્ષમાં અધિક માસ આવે તેમાં બાર નહિ, પણ તેર મહિના હોય છે. ૧૯ ચંદ્ર-વર્ષમાં આવું ૭ વખત બને છે. તેથી ૧૯ ચંદ્ર-વર્ષમાં ૨૩૫ ચંદ્ર-માસ આવે છે અને સૂર્ય-વર્ષ તથા ઋતુઓના ચક્ર સાથે એનો સુમેળ જળવાઈ રહે છે.

આ વર્ષે તારીખ ૧૭ જુલાઈ ૨૦૨૩, અષાઢ વદ અમાસને દિવસે સૂર્ય મિથુન રાશિમાંથી કર્ક રાશિમાં પ્રવેશ્યો. ત્યારબાદ, એક આખા ચંદ્ર-માસ દરમિયાન સંક્રમણ થયું નહિ, સૂર્ય કર્ક રાશિમાં જ ભ્રમણ કરતો રહ્યો. સૂર્યનું બીજું સંક્રમણ બીજી અમાસ બાદ છેક ૧૭ ઓગસ્ટ ૨૦૨૩ના દિવસે, કર્ક રાશિમાંથી સિંહ રાશિમાં થયું. આ દિવસે ચંદ્રની કળા શુક્લપક્ષની ત્રીજ જેવી હતી. જે ચંદ્ર-માસમાં સંક્રમણ ન થયું તેને અધિક માસ ગણવામાં આવ્યો. વળી અષાઢ પછીનો માસ હોવાથી તે અધિક ''શ્રાવણ'' તરીકે ઓળખાયો, અધિક શ્રાવણ પછીનો માસ, જેના શુક્લપક્ષની ત્રીજે સૂર્યનું રાશી-સંક્રમણ થયું, તે ''નીજ'' શ્રાવણ તરીકે ઓળખાયો અને ત્યાર બાદ વર્ષના મહિનાનો નિયમિત ક્રમ ચાલુ રહ્યો. સૂર્યના રાશિ-સંક્રમણ પર આધારિત અધિકમાસની આ વ્યવસ્થા ખૂબ જ તાર્કિક ઢબે બનાવેલી હોય એવું લાગે છે.

જે રીતે પૃથ્વીથી સૂર્યનું અંતર વધુ હોય ત્યારે સૂર્યની આકાશમાં ઝડપ ઘટી જાય, તેવી જ રીતે જ્યારે આ અંતર ઓછું હોય ત્યારે ઝડપ વધી જાય છે, અને તેથી દરેક ચંદ્ર-માસમાં સૂર્યનું રાશી-સંક્રમણ થાય છે. આવું દર વર્ષે આપણા શિયાળામાં બને છે. આજ કારણ છે કે શિયાળાના મહિના કદાપિ અધિકમાસ નથી હોતા. ઊલટાનું, ક્યારેક આવા એક જ મહિનામાં સૂર્યના બે સંક્રમણ થાય છે. આવું બને ત્યારે એક માસનો ક્ષય થાય છે, અને આ ખોટ પૂરી કરવા એ વર્ષે હંમેશા બે અધિક માસ આવે છે. અલબત, ચંદ્ર-માસ માત્ર ૨૯.૫ દિવસનો જ હોવાથી એક માસમાં બે સંક્રમણ- અને તેથી ક્ષય માસ- જવલ્લે જ આવે છે.

સૂર્ય-વર્ષ અને ચંદ્ર-માસ વચ્ચેના ૧૯ વર્ષના ચક્રનો ખ્યાલ ઘણી પ્રાચીન સંસ્કૃતિઓને હતો. ઉદાહરણ રૂપે, યહૂદીઓનું હિબ્રુ કેલેન્ડર પણ ચંદ્ર-માસ પર આધારિત છે, એમાં પણ દર ૧૯ વર્ષે ૭ મહિના ઉમેરી ઋતુઓ સાથેનો તાલમેલ જાળવી રાખવાની વ્યવસ્થા છે. પરંતુ એમાં અધિક માસ ઉમેરવા માટે કોઇ તર્કસંગત વ્યવસ્થા નથી. આખા ચક્રમાં નિયત કરેલા ક્રમ પ્રમાણે અધિક માસ ઉમેરાય છે. આ સામે આપણા પંચાંગની વ્યવસ્થા થોડી અટપટી, પણ વધુ પ્રમાણિત જણાય છે.

માટે, આવી સુયોજિત તેમજ તાર્કિક કેલેન્ડર રચનાને આપણે ''બોગસ'' ગણી તુચ્છતા ન અનુભવીએ, પરંતુ જેમણે આ કેલેન્ડર બનાવ્યું તેમને આદરભાવથી વંદન કરીએ.

(સાભાર : વિજ્ઞાન-સંચય)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# આપણી ભાષા એજ આપણું ભવિષ્ય

- મૃણાલ ઓઝા
જે. એન. બાલિકાવ વિદ્યાલય

અત્યાર સુધી,એવા ઘણાં સંશોધન થયેલા છે કે, માતૃભાષાના શિક્ષણથી સારા કૌશલ્યોનો વિકાસ થાય છે, માતૃભાષાની સારી આવડતના કારણે સારી સમજણ શક્તિનો વિકાસ થાય છે અને જેના કારણે બાળકની અંગ્રેજી ભાષામાં પણ સારીએવી પક્કડ આવતી જાય છે.

આપણે આપણી સંસ્કૃતિ, આપણું મૂળ, અને આપણા શિક્ષણની ઉપર વિચારણા કરીએ તો સંશોધનોથી એક વાત તો ચોક્કસ નક્કી થઈ છે કે, બાળકો જે ભાષા સમજતા હોય એવી ભાષામાં ભણાવવું એજ પદ્ધતિસરનું શિક્ષણ છે. જોકે, અત્યંત દુ:ખદ વાતએ છે કે, યુનેસ્કોના ડેટા પ્રમાણે આખા વિશ્વની લગભગ ૪૦% વસ્તીને તેમની માતૃભાષા સિવાયની ભાષામાં ભણાવવામાં આવે છે, અને તેના કારણે બાળકોનું ભણતર નબળું રહે છે અને સામાજિક અસમાનતા આવે છે. આવી સામાજિક અસમાનતા દૂર કરવા અને સમજણશક્તિને પ્રોત્સાહન આપવા CBSE એ માતૃભાષામાં શિક્ષણ આપવાના નિર્ણયને શિક્ષણવિદોએ ખૂબ જ આવકાર્યો છે.

અંગ્રેજો જ્યારે ભારત આવ્યા, ત્યારે એ લોકોને ભારતમાં રાજ કરવા માટે અને વ્યાપાર કરવા માટે એવા લોકોની જરૂર હતી કે જે અંગ્રેજી અને ભારતની માતૃભાષાનું એક બીજામાં રૂપાંતરણ કરી શકે. અંગ્રેજોને ફક્ત કારકુનનું કામ કરી શકે, એવા લોકોની જરૂર હતી.જેઓ ભારતીય હોય પણ એમના વિચારો જીવનશૈલી અને રીતભાત બ્રિટિશ હોય. આવું કરવા માટે થોમસ મેકોલે નામના અંગ્રેજે ભારતની પ્રથમ શિક્ષણ નીતિ ઘડી હતી. મેકોલેએ ભારતની ગુરુ શિષ્ય પ્રણાલી પર પ્રહાર કરીને નવી શિક્ષણનીતિ અમલમાં મૂકી, જેની ગુલામીથી આજ સુધી પણ ભારત બહાર નથી આવ્યું.

ગાંધીબાપુએ પણ પાશ્ચાત્ય શિક્ષણનો વિરોધ કર્યો હતો. ગાંધીબાપુ દલિતો માટે હરિજન (ભગવાનના માણસ) એવો શબ્દ વાપરતા હતા, અને એમની ભાવનાને વાચા આપવા માટે ગાંધી બાપુએ "હરિજન" નામનું સાપ્તાહિક બહાર પાડેલું કે જે ૧૯૩૩ થી ૧૯૪૮ સુધી ચાલુ રહેલું. એ 'હરિજન' સાપ્તાહિક માં બાપુએ એવી ધારદાર દલીલ કરી હતી કે, શિક્ષણની બધીજ શાખાઓમાં, અંગ્રેજી માધ્યમમાં ભણાવવાના કારણે, બહુ જ ઓછા લોકોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થયુંછે. ઘણા બધા લોકો અભણ રહી ગયા છે, અને એક પ્રકારે સમાજમાં બે વર્ગો થઈ ગયા છે, એક ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલો અંગ્રેજીમાં ભણેલો શિક્ષિત વર્ગ અને બીજો અભણ વર્ગ. આ બંને વર્ગોના કારણે સમાજમાં વૈચારિક અસમાનતાની ખાઈ થઈ ગઈ છે. જે સમાજ માટે આગળ જતાં ઘણી નુકસાનકારક નીવડી શકે. અંગ્રેજી ભાષામાં શિક્ષણ આપવાના કારણે સમાજનો એક ઘણો મોટો વર્ગ શિક્ષણ અને જ્ઞાનથી વંચિત રહી ગયો છે. અંગ્રેજી પર વધુ પડતા ભારના કારણે શિક્ષિત વર્ગ જીવનભર માનસિક રીતે અશક્ત બની ગયો છે. આવો શિક્ષિત વર્ગ પોતાની સંસ્કૃતિ અને પોતાના મૂલ્યોથી પણ દૂર જઈ રહ્યો છે.

બીજા સ્વતંત્ર સેનાનીઓ જેમકે સી. રાજ ગોપાલાચારી, બાલગંગાધર તિલક, ગોપાલકૃષ્ણ ગોખલે, અને એની બેસન્ટ જેવા લોકોના મતે શિક્ષણ

ફક્ત ભારતીયોના નિયંત્રણમાં રહેવું જોઈએ, ભારતીયો દ્વારા ભારતના શિક્ષણની રચના કરવી જોઈએ.ભારતીઓ એજ આપણા શિક્ષણને આગળ લઈ જવું જોઈએ. આ સ્વતંત્ર સેનાનીઓ પાસે ફક્ત આપણા દેશની એક ઉત્તમ સમજણ જ નહિ પણ ભારતના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મૂલ્યો પર ગર્વ પણ હતો. આમ, એક તરફ જવાહરલાલ નહેરુ કે જે પાશ્ચાત્ય સંસ્કૃતિને પ્રાધાન્ય આપતા હતા, તો બીજી તરફ આવા સ્વતંત્રતા સેનાનીઓએ પશ્ચાત્ય સંસ્કૃતિથી થતા ફાયદા અને ગેરફાયદાઓનું એક સંતુલિત મૂલ્યાંકન કર્યું હતું.

ANNIE. BESANT એ એમના પુસ્તક "Principles of Education" માં લખ્યું છે કે, પ્રારંભિક શિક્ષણ થોડાક વર્ષ માટે માતૃભાષામાં આપવુ જોઈએ અને પછી થોડાક વર્ષો પછી અંગ્રેજીને એક દ્વિતીય ભાષા તરીકે ભણાવવાની શરૂઆત કરવી જોઈએ. એમના મત પ્રમાણે અંગ્રેજી ભાષાને પણ ભણાવતી વખતે ભારતના મૂલ્યોને ધ્યાન માં રાખી ને જ અંગ્રેજીનું શિક્ષણ આપવું જોઈએ.જે ઘણી ભારતીય ભાષાઓમાં લખાયેલી વાર્તાઓનું અંગ્રેજીમાં અનુવાદ કરીને ભણાવવામાં આવે તો ભારતીય મૂલ્યો પણ જળવાઈ રહે અને અંગ્રેજીને ફક્ત એક ભાષા તરીકે શીખવવી જોઈએ.

શું માતૃભાષાના શિક્ષણના કારણે વિદ્યાર્થીઓની કારકિર્દી પર કઈ અસર થઈ શકે?

ના, એવું શક્ય નથી. યુનેસ્કોના એક સંશોધન રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે યુનેસ્કોએ પણ માતૃભાષાનાં શિક્ષણની હિમાયત ૧૯૫૩થી કરી છે. યુનેસ્કોના ૨૦૧૬ ના રિપોર્ટમાં પણ ફરીથી જણાવવામાં આવ્યું છે કે, કોઈપણ બાળકને માતૃભાષા સિવાયની ભાષામાં ભણાવવામાં આવે તો તેની અસર શિક્ષણ અને શીખવાની પદ્ધતિ પર પણ નકારાત્મક અસર થાય છે.આવી અસર ખાસ કરીને ગરીબ બાળકો પર વધુ થાય છે. યુનેસ્કોના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે બાળકોને ઓછામાં ઓછા ૬ વર્ષ સુધી માતૃભાષામાં જ શિક્ષણ આપવું જોઈએ. યુનેસ્કોના ૨૦૦૫ ના એક બીજા રિપોર્ટમાં પણ જણાવવામાં આવ્યું છે કે માતૃભાષા પર આધારિત દ્વી ભાષિય શિક્ષણ પણ શૈક્ષણિક સિદ્ધાંતોને અનુસાર બાળકની સમજણ શક્તિને એક દિશા આપે છે.

જો નોકરી લેવા માટે અંગ્રેજીની જ જરૂર પાડતી હોય, તો માતૃભાષાના શિક્ષણથી શું બાળકોને નોકરી માટેની ઉચ્ચ તકો નહિ મળે?

ના, એવું નહિ થાય, કેમ કે સંશોધનો એવું દર્શાવે છે કે શરૂઆતમાં માતૃભાષામાં શિક્ષણ મેળવીને જો અંગ્રેજીને દ્વિતીય ભાષા તરીકે પાછળથી ભણાવવામાં આવે તો અંગ્રેજીનું શિક્ષણ આસન બને છે, અને માતૃભાષાના અભ્યાસના કારણે જે કૌશલ્યોનો વિકાસ થાય છે એ ખૂબ જ મૂલ્યવાન છે. આવા બાળકો અંગ્રેજી પણ આસાનીથી શીખી શકે છે. પરિણામે નોકરી લેવામાં કોઈ જ તકલીફ થતી નથી .

UNIVERSITY OF ONTARIO, CANADA, માં થયેલા સંશોધન પ્રમાણે પણ એવું જ તારણ કરવામાં આવ્યું હતું કે માતૃભાષામાં શીખેલા બાળકો કે જેમને અંગ્રેજી એક દ્વિતીય ભાષા તરીકે ભણાવવામાં આવી એ બાળકોનું પરિણામ બીજા બાળકો કરતા વધુ સારું હતું.

ભારતના સંદર્ભમાં, ઇન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસમાં અભ્યાસ કરેલા શ્રી તરુણ જૈનના સંશોધન પ્રમાણે શિક્ષણ કે જે માતૃભાષામાં ના આપવામાં આવ્યું હોય ત્યાં સાક્ષરતા દર ૧૮% જેટલો ઘટયો હતો અને

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ ઉપર)

# સિક્કાની ત્રીજી બાજુ

- કમલેશભાઈ પટેલ
ઈન્ચાર્જ આચાર્ય - જે.એન.બાલિકા વિદ્યાલય

૧૦ જુલાઈના રોજ એક અંગ્રેજી દૈનિકમાં એક કોલમ છપાઈ જેમાં એક આદિવાસી વિસ્તારની શાળા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. શાળાની શૈક્ષણિક ગુણવત્તા નબળી હોવાનું જાણવા મળ્યું હતું.

ગુજરાતના છોટાઉદેપુર જિલ્લાની શાળાના ધોરણ ૮ ના ૨૮ વિદ્યાર્થીઓ ગણિત અને ગુજરાતી ભણે છે.તે વિદ્યાર્થીઓ શિક્ષક દ્વારા લખાયેલી માહિતી ચોપડામાં લખે છે અને ગણે છે. અમુક વિદ્યાર્થીઓ અક્ષરો અને આંકડાઓ ઓળખી શકે છે. જ્યારે અમુક આ કાર્ય કરી શકતા નથી. આ વિદ્યાર્થીઓનું જ્યારે કોઈ મૂલ્યાંકન કરવા અથવા નિરીક્ષણ કરવા આવે છે ત્યારે તે ગભરાઈ જાય છે. આવી પરિસ્થિતિમાં એક અધિકારી જે આઈ.એ.એસ છે. તે પોતાનો નિર્ણય આપે છે કે, આ શાળા નબળી છે. અધિકારી સાહેબે પાંચ થી છ શાળાની મુલાકાત લઈ ને પોતાનો આ નિર્ણય આપ્યો. તે માને છે કે, આપણે આ ગરીબ આદિવાસી બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણથી વંચિત રાખીએ છીએ. આપણે તેમની સાથે અન્યાય કરી રહ્યા છીએ. આદિવાસી બાળકોને અને તેમના માતાપિતાને અન્યાય કરીએ છીએ. આઈ.એ.એસ અધિકારી આટલા ઉગ્ર એ માટે છે, કારણ કે જે શાળાના બાળકો બે આંકડાના સરવાળા નથી કરી શકતા. તે શાળા રાજ્ય સરકારની "Misslon School of Excellence" સ્કીમમાં છે, જ્યાં છેલ્લા ૬ વર્ષથી ભૌતિક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરવામાં આવ્યું છે. સરકાર શ્રેષ્ઠતા માટે, મોટો ખર્ચ કરે છે, સરકાર ખર્ચ કરે છે તો તેનું પરિણામ મળવું જોઈએ, જો ના મળે તો તે શાળા નબળી જ કહેવાય, તે હકીકત છે. સરકારના પૈસા વેડફાય છે અને આદિવાસી બાળકો સાથે અન્યાય થાય છે.

- **હવે સિક્કાની બીજી બાજુ**

શિક્ષણની ગુણવત્તા નથી સુધરતી કારણ કે શાળામાં ગેરહાજરીનું પ્રમાણ વધારે છે. વિદ્યાર્થીઓના માથે કુટુંબની અન્ય જવાબદારી હોય છે (મોટા બાળક ને નાના બાળકનું ધ્યાન રાખવું.) મોટાભાગના બાળકોના માતાપિતા મજૂરી કરવા જતાં હોય છે. માતા પિતા રોજગારી માટે સ્થળાંતર કરતા હોય છે, જ્યાં પેટ અને પુસ્તકની વાત હોય તો પ્રથમ પેટ જ આવે. શાળાનું નિયમિત નિરીક્ષણ કરનાર અધિકારી નથી. ચારથી પાંચ અધિકારીનું કામ એક અધિકારી કરે તો તે યોગ્ય ન્યાય ન આપી શકે. સરકારના પ્રવેશોત્સવથી શાળાનું આકર્ષણ વધ્યું છે. નાનાં બાળકો શાળામાં દાખલ થાય છે. એક જમાનામાં દીકરી શાળાએ આવતી ન હતી. અત્યારે છોકરીઓનું પ્રમાણ છોકરાઓ કરતા વધુ છે. શાળામાં ૨૨૨ ની કુલ સંખ્યાંએ ૧૦૪ છોકરાઓ અને ૧૧૮ છોકરીઓ છે.

શાળાની અને વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. પરંતુ શાળામાં કામ કરતા શિક્ષકોને જે અવરોધોનો સામનો કરવો પડે છે તે અલગ છે. જૂન મહિનામાં શાળા શરૂ થાય, પરંતુ વરસાદના કારણે શાળામાં બાળકો આવતા નથી. શાળા સુધી પહોંચવા માટે પાકા રસ્તા નથી, બાળકો જીવના જોખમે શાળામાં આવતા હોય છે. જૂન મહિનાથી ખેતીની શરૂઆત થતી હોવાથી

આદિવાસી બાળકોના માતાપિતા ગુજરાતના અન્ય વિસ્તારોમાં રોજગારી માટે સ્થળાંતર કરતા હોય છે. માતાપિતા તેમનાં બાળકોને દાદા દાદી સાથે કે સગા સબંધી ને ત્યાં મૂકતા હોય છે. આદિવાસી વિસ્તારોની શાળાઓમાં ગેરહાજરીનું આ પ્રમુખ કારણ છે. શિક્ષકોનો મોટાભાગનો સમય આવા ગેરહાજર રહેતા બાળકોને શાળામાં લાવવામાં જ વેડફાય છે. અને તેની સીધી અસર શૈક્ષણિક કાર્ય પર પડે છે.

મોટાભાગના શિક્ષકો અન્ય જિલ્લામાંથી આવતા હોવાથી મોટી સમસ્યા તેમની ભાષા(બોલી) ની છે. બાળકો અને શિક્ષકો એકબીજાની ભાષાને સમજી શકતા નથી. ઘણી વખત નિરીક્ષણ માટે આવેલા અધિકારીનો પ્રશ્ન બાળકો સમજી શકતા નથી અને તે અધિકારી બાળકને નબળો સમજે છે, ઉદા.વાળ ને નિમલા, ભેંસને ડોબું, નજીકને ઓળુ દૂર ને પારૂ.. વગેરે કહે છે. આ બધી સમસ્યાઓ હોવા છતા, આશાનું કિરણ એ છે કે ત્યાંનાં શિક્ષકોએ, શાળાએ પ્રગતિ નથી કરી તે માટે પોતાની ભૂલ સ્વીકારી સ્વેચ્છાએ શાળા ને સમય ફાળવીને પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. અને હવે સિક્કાની ત્રીજી બાજુઓ જોઈ દરેકની પાસે દલીલો છે, કારણો છે પણ સમાધાન નથી.

સમગ્રપણે વિચારીએ તો શિક્ષણ એ એક જટીલ પ્રક્રિયા છે. જેમાં અનેક પરિબળો કામ કરે છે. સરકારના નાણાં કે સાધનો અને શિક્ષકની મહેનત એ અગત્યનું પાસું છે. સાથે સાથે સ્થાનિક લોકોની ભાગીદારી અને શિક્ષણ તરફનો હકારાત્મક અભિગમ પણ એટલી જ જરુરી છે. આપણે ત્યાં એક માન્યતા છે કે શિક્ષણમાં બધુ જ સરકારે, શિક્ષણ સંસ્થાએ અને શિક્ષકોએ જ કરવાનું છે. સ્થાનિક પ્રજાજનો આ અંગે ઉદાસીન છે, જે ગામ, શહેર કે વિસ્તારમાં સ્થાનિક પ્રજામંડળ, વાલી જાગૃતિ અને સક્રિય છે ત્યાં સારી શાળાઓ અચૂક જોવા મળે છે. માટે સમાધાન લોક ભાગીદારી અને લોક જાગૃતિ દ્વારા જ શક્ય છે. સિક્કાની આ ત્રીજીબાજુ અંગે વિચારવું રહ્યું.

# આપણી ભાષા એજ આપણું ભવિષ્ય

(અનુસંધાન પૃષ્ઠ ૩૪ થી ચાલુ)

કોલેજ શિક્ષણનો દર ૨૦% જેટલો ઘટ્યો હતો. તેમણે કહ્યું છે કે શિક્ષણની નીતિઓ ઘડવાવાળા શિક્ષણવિદોએ પણ આ બાબતને ધ્યાનમાં રાખવી જોઈએ.

CBSE નો ઓર્ડર પણ ભારતની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. પ્રત્યેક શાળાઓએ દરેક બાળકની ભાષાકીય વિવિધતાઓ ને ધ્યાનમાં રાખીને જ ભણાવવું પડશે અને આ બીડું ભારત સરકારની કેન્દ્રીય વિદ્યાલયો અને નવોદય વિદ્યાલયોએ ઝડપવું પડશે.

આમ માતૃભાષાના શિક્ષણથી થતા ફાયદાઓના કારણે, માતૃભાષાનું શિક્ષણ એ દરેક બાળકનો મૂળભૂત હક છે. આપણી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિરાસતને માતૃભાષા શિક્ષણ દ્વારા જ લોકો સુધી પહોંચાડી શકાશે,માટે બાળકોને એવી ભાષામાં શિક્ષણ આપવું જોઈએ કે જે ભાષામાં બાળકો સૌથી વધુ સમજી શકે. અને આમ કરવાથી જ આપણે એવા સમાજની રચના કરી શકીશું કે જે એક બીજાને એક સૂત્રમાં બાંધી રાખે.

## વિદ્યાર્થી આલમ

# ગુરુઃ જ્ઞાનદાતા

- શેખ શાહિસ્તાબાનું મો. ફારૂક ઈનામુલ્લાહ
પૂર્વ વિદ્યાર્થી સાસ્વત

"ગુરુઃ જ્ઞાનદાતા" તરીકે...
સૂર્ય વિના આકાશમાં અજવાળું નથી,
ફૂલો વગરના બગીચાને જોવામાં મજા નથી,
આત્મા વિના શરીરનું કોઈ અસ્તિત્વ નથી,
આપ્યા વિનાની ભક્તિમાં શક્તિ નથી,

અને જે રાતને દિવસમાં ને દિવસને રાતમાં બદલી શકે એવી પરમાત્મા સિવાયની બીજી કોઈ હસ્તી નથી...

ખરેખર ! આ બધાં એકબીજાં સાથે અદ્ભુત રીતે સંકળાયેલા છે. જેમ કે બગીચામાં ફૂલોની હાજરી માત્રથી જ સુંદરતા આવી જાય છે.

એવી જ રીતે ગુરુ અને શિષ્યનો પણ અજોડ અને અદ્ભુત તેમજ અતૂટ સંબંધ છે.

મારી દૃષ્ટિએ 'ગુરુ' એટલે...

ખરાં-ખોટામાં અને સારા-નરસામાં ભેદ સમજાવ્યું છે. જેમણે...

મને સફળતાના માર્ગે પહોંચાડી છે...

ખરેખર ! ગુરુ વિના શિષ્ય અધૂરો છે.

જો શિષ્યમાં કલા છે તો તેને પરખનાર (ઓળખનાર) કલાકાર છે. ગુરુ...

જો શિષ્યના વ્યક્તિત્વમાં તેજ છે તો તે તેજને વિશ્વ સમક્ષ જ્વલંત કરનાર ચિત્રકાર છે ગુરુ... જ્ઞાનના સાગરમાં વિદ્યાર્થીઓને ઊંડા ઉતારનાર અને આ સાગરરૂપી બ્રહ્માંડમાં રહેલી મુશ્કેલીઓને સ્મિત સાથે હાથ પકડી પોતાનો સાથ આપનાર મદદગાર છે. ગુરુ...

યુદ્ધભૂમિમાં એટલે કે આ જગતમાં જ્યારે પણ શિષ્યની જીવનરૂપી ગાડી અટકી જાય, તેમાં બ્રેક લાગી જાય કે પછી તે ખોટાં માર્ગે દોડી જાય ત્યારે સાચાં સાથીની જેમ તેને અંધકારમાંથી બહાર લાવનાર અને રોશની ફેલાવનાર અમરપ્રકાશ છે ગુરુ...

ગુરુ વિના શિષ્યનો શો અર્થ ?...

માણસની રચના કરનાર તો ભગવાન છે. પણ તેને જીવનમાં જ્ઞાન આપનાર, પ્રગતિનો સાચો માર્ગ દેખાડનાર ગુરુ સિવાય બીજો કોણ?

તેથી, હું એમ કહીશ કે,

ખરેખર ! પરમાત્માનો બીજો અવતાર છે ગુરુ... અને 'ઈશ્વરના આશીર્વાદરૂપ વિદ્યાર્થીઓને મળેલું વરદાન છે ગુરુ...'

## <u>પ્રાર્થના</u>

પ્રાર્થના કે ભજન જીભથી ન થાય, પણ હૃદયથી થાય. તેથી જ મૂંગાં, તોતડાં, મૂઢ પણ પ્રાર્થના કરી શકે છે. જીભે અમૃત હોય અને હૃદયે હલાહલ હોય તો જીભનું અમૃત શા કામનું ? કાગળના ગુલાબમાંથી સુગંધ કેમ નીકળે ? તેથી જેણે ઈશ્વરને ભજવો છે તે તેને પોતાના હૃદયના ઠેકાણે બેસાડે. હનુમાનની જીભે જ રામ હતા, તે જ તેના હૃદયના સ્વામી પણ હતા. અને તેથી જ તેનામાં અપરિમિત બળ હતું. જેના હૃદયમાં સર્વશક્તિમાન ઈશ્વર વસે છે તે શું ન કરી શકે ? ભલે કોઢિયો હોય કે ક્ષયનો રોગી હોય, જેના હૃદયમાં રામ વસે છે તેના બધા રોગનો સર્વથા નાશ થઈ જાય છે. ઈશ્વરની પ્રાર્થના ગમે તે નામે કરાય. કરવાની રીતે હૃદયથી પ્રાર્થના કરવામાં આવે છે. હૃદયથી પ્રાર્થના શીખવાનો માર્ગ સેવાધર્મ છે.

ગાંધીજી, નવજીવન

## શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા
૧૮૪, તપોવન સોસાયટી વિભાગ-૨,
સરસપુર, અમદાવાદ. મો. ૯૪૨૬૫૨૫૨૪૨

**તંત્રીનોંધ :** "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સમાચારોને આધારે તૈયાર થાય છે. એટલે કે એ દૃષ્ટિએ જોવા વાંચકોને વિનંતી છે.

**- તંત્રીઓ**

**ધોરણ - ૧૦ની પૂરક પરીક્ષાનું ૨૬.૬૫ ટકા પરિણામ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ પોર્ડ દ્વારા ધો.૧૦ ની પૂરક પરીક્ષાનું ૨૬.૬૫ ટકા પરિણામ આવ્યું છે. જેમાં પરીક્ષા આપનારા કુલ ૧૫૩૩૯૪ વિદ્યાર્થીમાંથી ૪૦૮૮૦ વિદ્યાર્થી પાસ થતા ૨૬.૬૫ ટકા પરિણામ રહ્યું છે. આ વર્ષે સૌથી વધુ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં નોંધાયા હતા. આ વર્ષે ધોરણ ૧૦ ની પૂરક પરીક્ષામાં ૬૧૪૨ વિદ્યાર્થી ગયા વર્ષ કરતા વધુ પાસ થયા છે અને પરિણામ પણ ૧.૯૩ ટકા વધ્યું છે. બોર્ડ પરીક્ષામાં સ્ટાન્ડર્ડમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની બેઝિક ગણિતમાં પરીક્ષા આપી ૧૭૯૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ધોરણ ૧૦ ની આ વર્ષની પૂરક પરીક્ષામાં ગયા વર્ષ ૧૫૮૬૮૬ વિદ્યાર્થીઓમાંથી ૧૪૦૫૦૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૩૪૭૩૮ પાસ થતાં ૨૪.૭૨ ટકા પરિણામ રહ્યું હતું. આમ આ વર્ષની પરીક્ષામાં ૬૧૪૨ વિદ્યાર્થી વધુ પાસ થયા છે અને ૧.૯૩ ટકા પરિણામ વધ્યું છે.

આ વર્ષે કુલ વિદ્યાર્થીઓમાંથી ૧૦૦૪૨૫ છોકરાઓ નોંધાયા હતા. જેમાંથી ૯૦૧૬૩ છોકરાઓએ પરીક્ષા આપી હતી અને તેમાંથી ૨૨૬૨૦ છોકરાઓ પાસ થતાં છોકરાઓનું પરિણામ ૨૫.૦૯ ટકા રહ્યું છે. જે ગયા વર્ષે ૨૩.૭૨ ટકા હતું. જ્યારે નોંધાયેલી ૭૯૭૩૩ છોકરીઓમાંથી ૬૨૩૧૦ એ પરીક્ષા આપી હતી અને ૧૮૨૬૦ છોકરીઓ પાસ થતાં છોકરીઓનું પરિણામ ૨૮.૮૮ ટકા રહ્યું છે. જે ગયા વર્ષે ૨૬.૬૫ ટકા રહ્યું હતું.

**ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું ૫૯.૫૭ ટકા પરિણામ :**

ધો.૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ ૫૯.૫૭ ટકા રહ્યું છે. જે ગયા વર્ષના પૂરક પરીક્ષાના પરિણામ કરતા ૩.૧૫ ટકા ઘટ્યું છે. ૪૧૫૩૩ વિદ્યાર્થીઓમાંથી ૨૪૭૪૦ વિદ્યાર્થી પાસ થયા છે. નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી લગભગ ચાર હજાર જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા જ આપી ન હતી. આ ઉપરાંત ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની રેગ્યુલર બોર્ડ પરીક્ષામાં એક વિષયમાં નાપાસ થયા હોય તેવા ૪૫૪૩૭ વિદ્યાર્થીઓ છે. જેમાંથી ૪૧૫૩૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને તેમાંથી ૨૪૭૪૦ વિદ્યાર્થી પાસ થતા ૫૯.૫૭ ટકા પરિરણામ રહ્યું છે.

**ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ બોર્ડની પૂરક પરીક્ષાનું ૨૩.૮૬ ટકા પરિણામ :**

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની જુલાઈ-૨૦૨૩ માસમાં લેવાયેલી બોર્ડની પૂરક પરીક્ષાનું પરિણામ ૨૩.૮૬ ટકા રહ્યું છે. આ વર્ષે પૂરક પરીક્ષામાં ૨૮૫૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને બી ગ્રુપ કરતા એ ગ્રુપનું

પરિણામ ૧૧ ટકા વધુ રહ્યું છે. ૧૧૯૬૭ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૨૮૫૫ વિદ્યાર્થીઓ જ પાસ થયા છે.

**ગુજરાતની સરકારી શાળાઓમાં શિક્ષકનો અભાવ :-**

ગુજરાતની સરકારી શાળાઓમાં શિક્ષકનો અભાવ જોવા મળે છે. હાલ ગુજરાતના ૩૩ જિલ્લામાં ૧૬૫૭ સરકારી શાળાઓમાં માત્ર એક જ શિક્ષક છે. એક જ શિક્ષક આ બાળકોને કેવી રીતે ભણાવી શકે ? ૧૬૫૭ શાળાઓ પૈકી ૧૩૬૩ શાળાઓ તો માત્ર આદિવાસી ગ્રામ્ય વિસ્તારોની જ છે. કચ્છમાં ૨૧૩, અમદાવાદમાં ૯૮, રાજકોટમાં ૮૩, બનાસકાંઠામાં ૮૧, તાપીમાં ૮૦, મહિસાગરમાં ૭૭, દેવભૂમિ દ્વારકામાં ૭૩ સરકારી શાળાઓમાં પૂરતા શિક્ષકોનો અભાવ છે. ગ્રાન્ટેડ સરકારી શાળાઓમાં ગરીબ-મધ્યમવર્ગના બાળકો અભ્યાસ કરતા હોય છે, ત્યારે તેમને શિક્ષક વિના અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે.

**સીએસ-CS પરીક્ષા : મૂલ્યાંકન સંપૂર્ણ ઓનલાઈન**

કંપની સેક્રેટરીના અભ્યાસક્રમોની પરીક્ષાઓ, પરિણામ પદ્ધતિથી માંડી મૂલ્યાંકનના ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. જે મુજબ હવે પ્રથમવાર પ્રોફેશનલ પરીક્ષાના ઉત્તરવહી ચેકિંગમાં એઆઈ (AI) ટેકનોલોજીનો ઉપયોગ થશે અને સીએસની પરીક્ષામાં હવે ૩ લાખથી વધુ ઉત્તરવહીઓનું મૂલ્યાંકન સંપૂર્ણપણે ઓનલાઈન થશે. જ્યારે વિદ્યાર્થીને પરીક્ષામાં હવે વધુ ૧૫ મિનિટ વાંચવા માટે મળશે. આથી પરીક્ષા હવે ૩ કલાકને બદલે સાડા ત્રણ કલાકની થશે.

**મેડિકલ કોલેજોમાં હવે કેન્દ્ર સરકારની ક્વોલિટી કાઉન્સિલ દ્વારા ઈસ્પેક્શન :**

દેશભરની તમામ મેડિકલ કોલેજોમાં હવે ભારત સરકારની ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ઈસ્પેક્શન કરશે. નેશનલ મેડિકલ કમિશનના મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડ તેમજ ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વચ્ચે આ માટે MOU કરવામાં આવ્યા છે. તે મુજબ હવે રેટિંગ કાર્ડ જે પ્રમાણેના એલિજિબિલિટી, ક્રાઈટેરિયા, માપદંડો અને તમામ ડેટા પૂરા પાડશે અને એસેસમેન્ટનું એક નવું ફ્રેમવર્ક બન્ને સંસ્થાઓ દ્વારા તૈયાર કરાશે. જેના આધારે ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એક્સપર્ટ્સ - મૂલ્યાંકન કારોની ટીમ કોલેજમાં મોકલીને ઈન્સપેક્શન કરાવશે. ત્યારબાદ તેના આધારે રિપોર્ટ તૈયાર થશે અને પછી કોલેજોનો રેટિંગ આપવામાં આવશે.

---

**ટૂંકાવીને ....**


- મેડિકલ ડેન્ટલ : UG માં PG માં ૬૯૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ જ ન લીધો.
  પ્રથમવાર સરકારી કોલેજોની બેઠકો ખાલી રહી.
- નેશનલ મેડિકલ કમિશન દ્વારા તમામ ફી માં જંગી વધારો. નવી સરકારી અને ખાનગી મેડિકલ શરૂ કરવા હવે ૧૫ લાખ રૂપિયા ફી.
- કોમન યુનિવર્સિટી એક્ટ લાગુ થયા બાદ હવે યુનિવર્સિટીઓમાં તમામ ડીન નિમાશે.

**વિદ્યાર્થીનું જીવન**

વિદ્યાર્થીનું જીવન શિક્ષકોના અનુભવ ઉપર નહિ પરંતુ તેમના પોતાના ઉપર ઘડાવું જોઈએ.

# માતા પિતાઓને નમ્ર વિનંતી

- રતન ટાટા



ફક્ત ૧૫ મિનીટનો સમય કાઢીને તમારા બાળકોને નીચે લખેલી વાતો વાંચી સંભળાવો : બની શકે છે કે તેનાથી તેમનું જીવન બદલાઈ જાય : રતન ટાટાની અમૂલ્ય શિખામણ જે વિદ્યાર્થીઓને શીખવવામાં નથી આવતી.

રતન ટાટાએ એક શાળામાં ભાષણ દરમ્યાન ૧૦ વાતો જણાવી હતી જે વિદ્યાર્થીઓને નથી શિખવવામાં આવતી.

૧. જીવનમાં ઉતાર ચઢાવ આવતા જ હોય છે તેની આદત પાડો.

૨. લોકોને તમારા સ્વાભિમાનની નથી પડી હોતી. પહેલા તેના માટે પોતાને સાબિત કરો.

૩. કોલેજનો અભ્યાસ પુરો થાય એટલે ૫ આંકડાના પગારનું ના વિચારો, એક રાતમાં કોઇ વાઇસ પ્રેસીડેન્ટ ન બની શકે, તેના માટે સખત મહેનત કરવી પડે.

૪. અત્યારે તમને તમારા શિક્ષક કડક અને ભયાનક લાગતા હશે કેમ કે બોસ નામના પ્રાણીનો તમને પરિચય નથી થયો.

૫. તમારી ભૂલ, હાર વગેરે ફક્ત ને ફક્ત તમારા જ છે તેના માટે બીજાને દોષ ન આપો. ભૂલમાંથી શીખીને આગળ વધો.

૬. તમને અત્યારે જેટલા નિરસ અને કંટાળાજનક તમારા માતા પિતા લાગે છે એટલા તે તમારા જન્મ પહેલા નહોતા. તમારૂં પાલન પોષણ કરવામાં તેમણે એટલું કષ્ટ ઉઠાવ્યું કે તેમનો સ્વભાવ બદલાઈ ગયો.

૭. કોન્સોલેશન પ્રાઇઝ ફક્ત શાળાઓમાં જ જોવા મળશે. બહારની દુનિયામાં હારવા વાળાને મોકો નથી મળતો.

૮. જીવનની શાળામાં ધોરણ અને વર્ગ નથી હોતા અને ત્યાં મહીનાનું વેકેશન પણ નહીં મળે. ત્યાં તમને કોઇ શિખવાડવા વાળું પણ નહીં હોય, જે કંઇ કરવાનું હશે તે જાતે જ કરવું પડશે.

૯. ટીવીમાં દર્શાવાતું જીવન સાચું નથી હોતું અને જીવન ટીવીની સીરીયલ નથી. જીવનમાં આરામ નથી હોતો. ત્યાં ફક્ત કામ, કામ અને કામ જ હોય છે. તમે ક્યારેય વિચાર્યું છે કે લકઝરી ક્લાસની કાર (જેગ્વાર, હમ્મર, બીએમડબલ્યુ, ઓડી, ફેરારી) જેવી કારની જાહેરાત ટીવી પર કેમ નથી આવતી કારણ કે તે કાર બનાવતી કંપનીઓને ખબર છે કે આવી કાર લેનાર વ્યક્તિ પાસે ટીવી સામે બેસવાનો ફાલતુ સમય નથી હોતો.

૧૦. સતત ભણતા અને સખત મહેનત કરતા પોતાના મિત્રોની મશ્કરી ન કરો, એક સમય એવો આવશે કે તમારે તેના હાથ નીચે કામ કરવું પડે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ❊ પ્રાર્થના સભા ❊














ઘરશાળા
સપ્ટેમ્બર-૨૦૨૩

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-




"આજે લોકશક્તિનો અનુભવ નથી થતો. રાજ્યસત્તાનો એકાધિકારવાદ વધતો જાય છે. કારણ કે રચનાત્મક કાર્યો અને વ્રત નિષ્ઠા ભુલાયા છે અથવા ઝાંખા પડ્યા છે."

- મહાત્મા ગાંધીજી

"આપણે એક સાર્વભોમ રાષ્ટ્ર છીએ. આપણે એક સાર્વભોમ ધારાસભા છીએ. અહીં આપણે પોતાની મુક્ત ઈચ્છા પ્રમાણે આપણું ભાવી ઘડી રહ્યા છીએ. એટલે મહેરબાની કરીને ભૂતકાળને ભૂલી જાઓ;"

- બંધારણ સભાના પ્રવચનમાંથી

- સરદાર વલ્લભભાઈ પટેલ





માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું